Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)

Web: www.saurashtrakranti.com

Email ; saurashtrakranti@gmail.com

ગોપી આવે છે, તમારા ઘેર....
ગોપિ ચા
હંમેશા હેજતદાર અને સ્વાદિષ્ટ
C.T.C. LEAF TEA
Packed & Marketed By
NYARI CORPORATION
Website : www.nyaricorporation.com/ Email : info@nyaricorporation.com
Ph. : 02820-282512 / Mo. +91 96014 66409

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:7, Issue: 226 Dt.06-07-2022 (Wednesday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

કોડીનાર-સુત્રાપાડામાં આભ ફાટ્યું: ૧૧ ઇંચ

ખેડૂતો ખુશખુશાલ, વાવણીનો પ્રારંભ, અનેક સ્થળે ખેતરોમાં પાણી ભરાતા ખેડૂતોને મુશ્કેલી

સુત્રાપાડામાં ૧૦ ઇંચ, ગીરનાર જંગલમાં ૭ ઇંચ, થાણાપીપળી ૭ ઇંચ, કલ્યાણપુર અને મુન્દ્રામાં ૬–૬ ઇંચ, સુરતમાં ૫ ઇંચ, દ્વારકામાં ૪ ઇંચ, જૂનાગઢ અને રાણાવાવમાં ૪–૪ ઇંચ પાણી પડવાથી સર્વત્ર જળબંબાકાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

સૌરાષ્ટ્રમાં મેઘરાજાની દમદાર સવારી આગળ વધી રહી છે અને ગઈરાત્રે કોડીનાર તાલુકામાં ધમાકેદાર વરસાદ થયો હતો. આભ ફાટ્યું હોય એવી પરિસ્થિતિ સર્જાઈ હતી. કોડીનાર તાલુકાનાં સુત્રાપાડા સહિતનાં ગ્રામ વિસ્તારોમાં ગઈરાતથી જોરદાર મેઘતાંડવ સર્જાયું હતું અને ૮ થી ૧૧ ઇંચ પાણી પડી જતા સર્વત્ર જળબંબાકાર સર્જાયો હતો. કોડીનાર નેશનલ હાઈ-વે બંધ થઇ ગયો હતો. અનેક સ્થળે ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. સૌરાષ્ટ્રના સંખ્યાબંધ વિસ્તારોમાં ગઈકાલે આખો દિવસ જોરદાર વરસાદ થયાનું નોંધાયું હતું. દક્ષિણ ગુજરાતનાં સુરત સહિતના વિસ્તારોમાં જોરદાર મેઘસવારી ચાલુ રહી હતી અને બે થી પાંચ ઇંચ પાણી પડી ગયાનું નોંધાયું હતું.

ગઈકાલે અને આજે સવાર સુધીમાં નોંધાયેલા વરસાદનાં આંકડા મુજબ સુત્રાપાડામાં ૧૧ ઇંચ, ગીરનાર જંગલ વિસ્તારમાં ૭ ઇંચ, થાણાપીપળીમાં ૭ ઇંચ, જામકલ્યાણપુરમાં ૬ ઇંચ, કચ્છનાં મુન્દ્રામાં ૬ ઇંચ, ઉમરગામમાં ૫.૪ ઇંચ, સુરતમાં ૫ ઇંચ, દ્વારકામાં ૪ ઇંચ, રાણાવાવમાં ૪ ઇંચ અને જૂનાગઢમાં ૪ ઇંચ જેટલું પાણી પડી ગયાનું નોંધાયું હતું. ભારે વરસાદને પગલે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના માર્ગો પર પાણી ફરી વળતા વાહન વ્યવહાર ઠપ્પ થઇ ગયો હતો. ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. કેટલાય વિસ્તારોમાં ખુશખુશાલ ખેડૂતોએ વાવણી શરૂ કરી દીધી હતી. કેટલાય સ્થળે અનેક ગામોમાં ખેતરો જળબંબાકાર થઇ ગયા હોવાથી મગફળીનાં પાકને નુકશાન થયાનો અંદાજ છે. અહીં ખેડૂતો પાણી ઓસરે પછી વાવણી શરૂ કરશે.

કોડીનાર શહેર અને તાલુકામાં ગઈકાલે આભ ફાટ્યું હતું. કોડીનાર શહેર અને તાલુકાના ગીરવનના વિસ્તારો સહિતના અનેક ગામોમાં ગઈકાલે દિવસ દરમ્યાન શરૂ થયેલો ભારે વરસાદ આજે સવારે પણ ચાલુ રહ્યો હતો. ૧૧ ઇંચ જેવું પાણી ખાબકતા ગામડાઓમાં ચારેતરફ પાણી ભરાયા હતા, ખેતરો પાણીમાં ગરકાવ થઇ ગયા હતા, શીંગોડા નદી અને સોમત નદી બે કાંઠે વહેવા લાગી હતી. કોડીનારનો નેશનલ હાઈ-વે વાહન વ્યવહાર માટે બંધ થઇ ગયો છે. કોડીનાર શહેરમાં પણ સતત બીજા દિવસે મેઘસવારી ચાલુ રહી હાઈ. દ્વારકા અને ગીર સોમનાથમાં પણ બે દિવસથી અવિરત જોરદાર વરસાદ ચાલુ રહ્યો છે. કોડીનાર- વેરાવળ હાઈ-વે પર પાણી ભરાઈ જતા વાહન વ્યવહાર ઠપ્પ થઇ ગયો છે.

ગીર સોમનાથમાં સૌથી વધુ ભારે વરસાદ દરિયાકાંઠાનાં ગામોમાં થયો છે. એટલે દરેક માર્ગો અને શેરી-ગલ્લીઓમાં પુરની જેમ પાણી ફરી વળ્યા છે. વેરાવળ- કોડીનાર નેશનલ હાઈ-વે ઠપ્પ થઇ

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઇ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઇલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં રૂ.૫૦નો વધારો

અદાણી કંપનીએ સીએનજી અને પીએનજી બંને પ્રકારનાં ગેસના ભાવ વધાર્યા

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૬

એલપીજી ઘરેલું ગેસ સિલિન્ડરનાં ભાવનાં સીધો રૂ.૫૦ નો ભાવ વધારો ઝીંકી દેવાયો છે. તો બીજીતરફ અદાણી ગેસ કંપનીએ પણ સીએનજી અને પીએનજીનાં ભાવમાં વધારો કરી દીધો છે.

અદાણી ગેસ કંપનીએ સીએનજીના ભાવમાં પ્રતિયુનિટ રૂ.૧.૩૧ પૈસા ભાવવધારો લાગુ કરી દીધો છે. જયારે પીએનજીનાં ભાવમાં રૂ.૨૮ નો વધારો લાગુ કરવામાં આવ્યો છે. અદાણી કંપનીએ પીએનજી ગેસના સ્લેબની મર્યાદા પણ ઘટાડી દીધી છે. આ રીતે ફરી એકવખત કંપનીએ વપરાશકારોને બીજો મોટો ઝટકો માર્યો છે. સીએનજીનો ભાવ હવે રૂ.૮૩.૮૯ થઇ ગયો છે. પરિણામે હજારો- લાખો પરિવારો પર નવેસરથી બોજો આવ્યો છે અને દેકારો બોલી જવા પામ્યો છે.

એકતરફ કંપનીએ ભાવ વધાર્યો છે તો બીજીતરફ એલપીજી ઘરેલું ગેસ સિલિન્ડરનાં ભાવમાં રૂ.૫૦ નો આકરો ભાવવધારો લાગુ કરી દેવાયો છે. ભાવ વધારા સાથે દિલ્હીમાં સિલિન્ડરનો ભાવ રૂ.૧૦૫૩, કોલકતામાં રૂ.૧૦૭૯, મુંબઈમાં રૂ.૧૦૫૨.૫૦ તથા ચેન્નાઈમાં રૂ.૧૦૬૮.૫૦ જેવો ભાવ થઇ ગયો છે. જેના કારણે દેશભરની ગૃહિણીઓ જબરા રોષની લાગણી પ્રસરી છે.

અમદાવાદમાં રાંધણ ગેસ સિલિન્ડરનો ભાવ રૂ.૧૦૬૦ થઇ ગયો છે. ઉદયપુરમાં રૂ.૧૦૩૪, ભોપાલમાં રૂ.૧૦૦૮, જયપુરમાં રૂ.૧૦૦૬ અને બેંગ્લુરૂમાં રૂ.૧૦૦૫ થઇ ગયો છે. ગત ૬ જુલાઈથી ૧૪.૨ કિલોવાળા રાંધણ ગેસ સિલિન્ડરના ભાવનો વધારો લાગુ થઇ ગયો છે. માર્ચ મહિનાથી ઘરેલું સિલિન્ડરના ભાવ એકધારા વધી રહ્યા છે અને જોતજોતામાં સિલિન્ડર દીઠ ભાવ રૂ.૮૯૯.૫૦ થી વધીને ૧૦૫૩ થઇ ગયો છે. બીજીતરફ કોમર્શીયલ સિલિન્ડરના ભાવ ઘટાડી દેવાયા છે. તેમાં રૂ.૮.૫૦ નો ઘટાડો કરાયો છે. જો કે રાહત પણ કોઈ ફાયદો કરાવે તેમ નથી.(૨.૧૨)

વડાપ્રધાને દેશમાં વિકાસની રાજનીતિનો નવો અધ્યાય શરૂ કર્યો: મુખ્યમંત્રી

અમદાવાદથી વંદે ગુજરાત વિકાસયાત્રાનો શુભારંભ કરાવતા ભુપેન્દ્ર પટેલ

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૬

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદથી વંદે ગુજરાત વિકાસ યાત્રાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, ૨૦ વર્ષનો વિકાસ અને ૨૦ વર્ષનો વિશ્વાસ એ બંને શબ્દો એકબીજાના પર્યાય બની ગયા છે અને તે ગુજરાતે સિધ્ધ કરી બતાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસની રાજનીતિનો નવો અધ્યાય દેશમાં રચ્યો છે.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાને ગુજરાતની વિકાસયાત્રાના અઢી દાયકા પહેલા રોપેલા બીજથી ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. લોકોએ આપણામાં મુકેલો વિશ્વાસ વિકાસ સ્વરૂપે આપણે પરત આપ્યો છે. તેમણે સાબરમતી રીવરફ્રન્ટથી રાજ્યવ્યાપી યાત્રાનો શુભારંભ કરાવ્યો હતો.

૮૨ વંદે ગુજરાત વિકાસ રથ સાથે ૧૯મી જુલાઈ સુધી રાજ્યભરમાં વિકાસ પરિભ્રમણ કરાશે. યાત્રા દરમ્યાન ૩૩ જિલ્લાઓ, ૮ મનપા વિસ્તારો અને તમામ ગામડામાં યાત્રાનું પરિભ્રમણ થશે. ૨૫૦૦ થી વધુ કાર્યક્રમો યોજાશે અને ૨૫ હજારથી વધુ નવા વિકાસ કામોની ઘોષણા તથા લોકાર્પણ કરાશે.

મુખ્યમંત્રીએ આશા દર્શાવી હતી કે, વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં શરૂ થયેલો વિકાસનો સેવાયજ્ઞ આગળ ચાલતો જ રહેશે. અનેકવિધ યોજનાઓથી સરકાર જન-જન સુધી પહોંચી રહી છે. વડાપ્રધાને કહ્યું એ કર્યુંનાં કાર્યમંત્ર સાથે વિકાસની રાજનીતિનો નવો અધ્યાય રચી કાઢ્યો છે. ગુજરાતનો ૨૦ વર્ષમાં જે કાયાપલટ થયો તેનો પુરેપુરો શ્રેય

(અનુ.પાના નં.૪ ઉપર)

રાષ્ટ્રીય અન્ન સુરક્ષાધારાના અમલમાં દેશભરમાં ગુજરાત ચોથા ક્રમે

ત્રિપુરા રાજય પ્રથમ ક્રમે, હિમાચલ બીજા, સિક્કિમ ત્રીજા અને પંજાબ ૧૬માં સ્થાને

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૬

રાષ્ટ્રીય અન્ન સુરક્ષાધારાના અમલીકરણની દ્રષ્ટિએ રાજ્યોનાં દેખાવો અંગેના ક્રમ કેન્દ્ર દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. જેમાં અન્ન સુરક્ષાધારાના અમલમાં ગુજરાતે ચોથું સ્થાન મેળવ્યું છે. અન્ન સુરક્ષાનાં અમલમાં નાના એવા ત્રિપુરા રાજ્યને પ્રથમ સ્થાન મળ્યું છે અને હિમાચલ પ્રદેશને બીજું તથા સિક્કિમને ત્રીજું સ્થાન પ્રાપ્ત થયું છે. આ રેન્કિંગ હિમાલય રાજ્યો માટેની સ્પેશિયલ કેટેગરીમાં અપાયા છે.

કેન્દ્રનાં અન્ન અને ગ્રાહક બાબતોનાં મંત્રી પીયુષ ગોયલે અન્ન સુરક્ષા અંગેનાં રાજ્યોનાં ક્રમ જાહેર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, અન્ન સુરક્ષાની જનરલ કેટેગરીમાં ઓરિસ્સાને પ્રથમ સ્થાન મળ્યું છે. યુપીને બીજું અને આંધ્રપ્રદેશને ત્રીજું સ્થાન મળ્યું છે. ગુજરાત ચોથા ક્રમે રહ્યું છે. ગુજરાત પછીનાં ક્રમે દાદરા અને નગરહવેલી, દીવ-દમણ, મધ્યપ્રદેશ, બિહાર, કર્ણાટક, તમિલનાડુ અને ઝારખંડનો ક્રમ આવે છે.

મંત્રાલયનાં જાહેર કર્યા મુજબ કેટલાક સમૃધ્ધ ગણાતા રાજ્યો અન્ન સુરક્ષાની દ્રષ્ટિએ સૌથી પાછળ છે. કેરાલાને ૧૧ મો ક્રમ, તેલંગણા ૧૨ માં ક્રમે, મહારાષ્ટ્ર ૧૩ માં સ્થાને, પશ્ચિમ બંગાળ ૧૪માં સ્થાને અને રાજસ્થાન ૧૫ માં સ્થાને છે. દેશમાં ઘઉં અને ચોખાનો ભંડાર ગણાતા પંજાબ જેવા સમૃધ્ધ રાજ્યનો ૧૬ મો ક્રમ છે. તેના પછીનાં નીચેના ક્રમે હરિયાણા, દિલ્હી, છતીસગઢ અને ગોવાનો ક્રમ આવે છે.

અનાજનાં વિતરણ, ક્યાં કેટલી ફાળવણી, વ્યાજબી ભાવની દુકાનોની કામગીરી, પોષણ અંગેની પહેલ વગેરે મુદ્દાઓ પરથી રાજ્યોના ક્રમ નક્કી કરવામાં આવે છે.(૨.૧૨)

આધાર ડેટા લીક થયો તો ખેર નથી

ચૂંટણી પંચે અધિકારીઓને ચેતવણી આપી

સોમવારે ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને એક પત્ર મોકલ્યો

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૬

ચૂંટણી પંચે આધાર ડેટા લીક કરવા બદલ મતદાર નોંધણી અધિકારીઓ સામે કડક શિસ્તભંગના પગલાં લેવાની ચેતવણી આપી છે. પંચે એ વાત પર પણ ભાર મૂક્યો છે કે, મતદારો દ્વારા આધાર સબમિશન સ્વૈચ્છિક છે. તમને જણાવી દઈએ કે, તાજેતરમાં જ કેન્દ્ર સરકારે મતદાર યાદી સાથે આધારની વિગતો લિંક કરવાની મંજૂરી આપવા માટે મતદાર નોંધણી નિયમોમાં સુધારો કર્યો હતો.

હકીકતમાં, સોમવારે ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને એક પત્ર મોકલ્યો હતો. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે વિશેષ સારાંશના પુનરાવર્તન દરમિયાન, ખાસ ઝુંબેશની તારીખો સાથે મેળ ખાતી તારીખો પર કલસ્ટર સ્તરે વિશેષ શિબિરોનું આયોજન કરવામાં આવી શકે છે. જ્યાં મતદારોને સમજાવી શકાય. સ્વેચ્છાએ હાર્ડ કોપીમાં ફોર્મ-૬ઇમાં તમારો આધાર નંબર આપો.(૯)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો

ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ

Mo: 9033344426

હિમાચલના કુલ્લુમાં વાદળ ફાટ્યું: નેશનલ હાઈવે-૫ બંધ

(એજન્સી સમાચાર) નવી દિલ્હી: નૈઋત્યના ચોમાસાએ હિમાચલ પ્રદેશ સહિતના વિસ્તારોમાં ભારે તબાહી મચાવી છે. ભૂસ્ખલનથી નેશનલ હાઈવે નં. ૫ બંધ કરી દેવામાં આવ્યો છે. હિમાચલ પ્રદેશમાં કુલ્લુ જિલ્લામાં વરસાદની ભારે તબાહીના કારણે અહીં કેમ્પીંગ સાઇટ વગેરે બંધ કરી દેવામાં આવી છે અને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ પહોંચી ગઇ છે. અહીંની પાર્વતી નદીમાં ભારે પૂર આવતા અનેક પર્યટકો ફસાઈ ગયા હોવાના અહેવાલ છે.(૯)

ગુજરાતના ૨૫૧માંથી ૨૧૯ તાલુકામાં વરસાદ

કચ્છ–ઉતર ગુજરાતમાં ધોધમાર: મેઘરાજાએ જુલાઇના પાંચ દિવસમાં જ સાર્વત્રિક મહેર કરી દીધી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા. ૬

રાજયના મોટાભાગના વિસ્તારોમાં હળવો-ભારે વરસાદ થઇ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં પ્રથમ વખત ૨૧૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગ દ્વારા આગામી શુક્રવાર સુધી સાર્વત્રિક વરસાદની આગાહી કરી જ છે અને તે અંતર્ગત રાજ્યનાં મોટાભાગના વિસ્તારોમાં હળવોથી ભારે વ્યાપક વરસાદ પડ્યો હતો. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના રિપોર્ટ પ્રમાણે રાજ્યનાં ૩૨ જિલ્લાના ૨૧૯ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધુ સાડા છ ઇંચ વરસાદ ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડામાં વરસ્યો હતો. ૨૪ કલાક દરમિયાન સરેરાશ ૧૮.૮૫ મીમી પાણી વરસ્યું હતું.

સિઝનનો સરેરાશ વરસાદ ૧૮.૬૫ ટકા થયો છે. મહત્વની વાત એ છે કે રાજ્યના તમામેતમામ તાલુકાઓમાં હવે હળવો-ભારે વરસાદ થઇ ગયો છે. એક પણ તાલુકો કોરો રહ્યો નથી. ૪૦ તાલુકાઓમાં સામાન્યથી માંડીને બે ઇંચ, ૯૨ તાલુકાઓમાં ૨ થી ૫ ઇંચ, ૭૯ તાલુકાઓમાં ૫ થી ૧૦ ઇંચ, ૩૨ તાલુકામાં ૧૦ થી ૨૦ ઇંચ અને ૮ તાલુકાઓમાં ૨૦ થી ૪૦ ઇંચ સુધીનો વરસાદ નોંધાયો છે.(૧.૧)

મહાનગર મુંબઈ જળબંબોળ, વધુ ૮ ઇંચ વરસાદ: યલો એલર્ટ

મનપાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની કચેરી દોડી જતા મુખ્યમંત્રી એકનાથ શિંદે

(એજન્સી સમાચાર)

મુંબઈ, તા.૬

રાત-દિવસ દોડતા રહેતા અને ભાગતા રહેતા મહાનગર મુંબઈની ગતિને મેઘરાજાએ બ્રેક લગાવી દીધી હોય તેમ ભારે વરસાદને પગલે આખું મહાનગર જળબંબાકાર થઇ ગયું છે. છેલ્લા ૩૬ કલાકમાં વધુ ૮ ઇંચ પાણી ખાબકતા પરા વિસ્તારો સહિત અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જતા જનજીવન અસ્ત-વ્યસ્ત થઇ ગયું છે. લોકલ ટ્રેનો મોડી દોડી રહી છે. કોંકણ સહિતના કાંઠાળ વિસ્તારોમાં અનેક શહેરો અને ગામો પુરનાં પાણીમાં ફસાઈ જતા મુખ્યમંત્રી એકનાથ શિંદેએ તાકીદે રાહત કામગીરી શરૂ કરવાનો આદેશ આપ્યો છે. આજે સવારે તેઓ મુંબઈ મહાનગરપાલિકાનાં ડિઝાસ્ટર સેલના કાર્યાલય દોડી ગયા હતા અને કોંકણમાં ફસાયેલા લોકોને સલામત સ્થળે લઇ જવા એનડીઆરએફ ની ટીમોને સુચના આપી હતી.

મુંબઈ અને મહારાષ્ટ્રનાં અનેક વિસ્તારોમાં આગામી ૨૪ કલાક દરમ્યાન હજુ વધુ ભારે વરસાદ થવાની આગાહી થઇ છે. મુંબઈમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ભારે વરસાદથી દાદર, મુલુંદ, અંધેરી, સાયન સહિતનાં વિસ્તારોમાં ચારેતરફ પાણી-પાણી થઇ ગયું છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

YouTube
સૌરાષ્ટ્ર ક્રાંતી
NEWS
www.saurashtrakranti.com

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટયુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરોઃ
90333 44426

Appointment

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

રાજકોટમાં અઢી ઇંચ વરસાદ રસ્તા બન્યા નદીઓ, ચોક બન્યા તળાવ

રસ્તાઓ પર નદીઓ વહી

સેન્ટ્રલ ઝોનમાં સૌથી વધુ ૭૨, ઈસ્ટ ઝોનમાં ૫૧, વેસ્ટ ઝોનમાં ૪૬ મી.મી. વરસાદ નોંધાયો, નીચાણવાળા વિસ્તારોમાં વાહનો ફસાયા

કાલાવાડ રોડ, યુનિવર્સિટી રોડ, રૈયા રોડ, સંતકબીર રોડ, પેડક રોડ સહિતના વિસ્તારોમાં પાણી ભરાતા લોકો હેરાન પરેશાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૬

હવામાન વિભાગની આગાહી મુજબ સતત બીજા દિવસે રાજકોટ જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. સવારે વાદળછાયા વાતાવરણ બાદ બપોર પછી વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. શહેરમાં બીજા દિવસે પણ સાર્વત્રિક વરસાદ વરસ્યો હતો. સેન્ટ્રલ ઝોનમાં સૌથી વધુ ૭૨, ઈસ્ટ ઝોનમાં ૫૧, વેસ્ટ ઝોનમાં ૪૬ મી.મી. વરસાદ નોંધાયો હતો નીચાણવાળા વિસ્તારોમાં વાહનો ફસાયા હતા. શહેરના રેસકોર્સ રિંગ રોડ, યાજ્ઞીક રોડ, ઢેબર રોડ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદથી રસ્તાઓ પર પાણી ભરાયા છે. ભારે વરસાદના કારણે મવડી બ્રિજ નીચે ગોઠણસમાં પાણી ભરાયા છે. ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઠેર ઠેર પાણી ભરાતા વાહનચાલકો પરેશાન બન્યા છે. દોઢ કલાકમાં અઢી ઇંચ વરસાદ પડતા શહેર પાણી પાણી થઈ ગયું છે.ગોંડલ રોડ, ઢેબર રોડ, જિલ્લા પંચાયત ચોક, ૧૫૦ ફૂટ રિંગ રોડ સહિતના વિસ્તારોમાં પણ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. આથી રસ્તાઓ પાણી પાણી થયા છે. સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદની આગાહી છે ત્યારે રાજકોટમાં એનડીઆરએફની ૨૫-૨૫ જવાનની ત્રણ બટાલિયનનું આગમન થયું છે. શહેરમાં સોમવારે એનડીઆરએફની ત્રણ ટુકડીનું આગમન થયું હતું, જેમાંથી હાલ ૬ બટાલિયનને બોટ-રેસ્ક્યૂ કિટ સહિતના સાધન સરંજામ સાથે સ્ટેન્ડ ટુ રાખવામાં આવી છે તો ત્યારે જ ૬ ટુકડીને સ્ટેન્ડબાયમાં રાખવામાં આવી છે. દરમિયાન ત્રીજી ટુકડીને ત્વરિત ભાવનગર ખાતે મોકલી દેવામાં આવી છે. એનડીઆરએફના બન્ને ટુકડીના ઇન્સ્પેક્ટરે ગમે તેટલો વરસાદ આવે, ગમે તેવું પૂર આવે અમારા જવાનો લોકોને બચાવવા સજ્જ છે તેવો દાવો કર્યો હતો. ખાસ કરીને નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ત્યારે કઈ રીતે પહોંચવું તે અંગે ટીમને માર્ગદર્શન અપાયું હતું.

ગીતાંજલિ કોલેજ ખાતે એન.ડી.આર.એફ.ની ટીમ દ્વારા જન -જાગૃતિ કાર્યક્રમ યોજાયો

જળ પ્રલય, આગજની, ધરતીકંપ સહિતની આફતોમાં બચાવ કામગીરીનું નિદર્શન કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા જિલ્લામાં તા.૧૮ જુલાઈ સુધી વિવિધ સ્થળે એન.ડી.આર.એફ.ની ટીમ દ્વારા જળ પ્રલય, ધરતીકંપ, આગજની સહિત વિવિધ આફત સમયે લોકોનો બચાવ કેવી રીતે કરી શકાય તે બાબતે જન - જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

જે અંતર્ગત ગીતાંજલિ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે એન.ડી. આર.એફ. રાજકોટ ટીમ દ્વારા નિદર્શન તેમજ માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં કોલેજના છાત્રોએ ભાગ લીધો હતો.

વી. વી. પ્રસન્ના સિકસ બટાલિયન કમાન્ડમેન્ટ એન.ડી.આર.એફ.ના ઇન્સ્પેકટર ભરતકુમાર મૌર્ય તેમજ ટીમ દ્વારા કોલેજના છાત્રોને વિવિધ સાધન સરંજામ સાથે ફ્લડ, ધરતીકંપ, સી.પી.આર. પ્રાથમિક સારવાર સહિતની બચાવની કામગીરી તેમજ આગજની બનાવમાં ફાયર સેફટીના સાધનોનો ઉપયોગ સહિતનું માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

ટીમ દ્વારા કોરોના મહામારી અનુસંધાને કોરોનાથી બચવા અને તેનો ફેલાવો અટકાવવા પણ માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. આ તકે કોલેજના પ્રિન્સિપાલ શૈલેષ જાની, પ્રાધ્યાપકઓ ઉપસ્થિત રહ્યા હતાં.

વિંછીયામાં પતિના હાથે પત્નીની હત્યા મામલોઃ મૃતદેહ સ્વીકારવા ઈન્કાર

ગુમ થયેલ પરિણીતાનો ૪૪ દિવસ બાદ ભેદ ઉકેલાયો

ચાર્જરના વાયરથી ગળેટુંપો આપી મોતને ઘાટ ઉતારી મૃતદેહ ચોટીલાના ઢોકળવા ગામની સીમમાં દાટી દીધો હતોઃ એફએસએલની ટીમને સાથે રાખી મૃતદેહ બહાર કાઢી રાજકોટ ફોરેન્સીક પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

વિંછીયાના દડવી ગામે સાળીના ગળાડૂબ પ્રેમમાં રહેલા પતિ રાજેશ ઓળકીયાએ તેની એઇડ્સ ગ્રસ્ત પત્ની રંજન (ઉ.વ.૨૭)ની ૩૮ દિવસ પહેલા હત્યા કરી લાશ ચોટીલા નજીક ઢોકળવાની વીડીમાં દાટી દીધી હતી. જેનો ખુલાસો થતા ચકચાર મચી છે.

પોલીસે સરખી તપાસ ન કરી હોવાના આક્ષેપ સાથે જવાબદારને સસ્પેન્ડ કરવા અને સસ્પેન્ડ ન થાય ત્યાં સુધી મૃતદેહ ન સ્વીકારવા પરિવારજનોએ માંગ કરી છે.

મળતી વિગત મુજબ આરોપી રાજેશની સાળી ઈન્દુની સગાઈ હતી એના આગલા દિવસે રાજેશ પત્ની રંજન સાથે સસરાના ગામ છાસિયા જવા બાઇક પર નીકળ્યો હતો. અગાઉથી જ તેણે હત્યાનો પ્લાન નક્કી કરેલો હોય, ઢોકળવા ગામની વાડીમાં વિસામો લેવાનું કહી એક નાના ડુંગરની કોતર નજીક રોકાયાં હતાં.

ત્યાં જ મોબાઇલના ચાર્જરના વાયરથી ટૂંપો દઈ હત્યાને અંજામ આપી મૃતદેહને પથ્થરો નીચે દાટી દીધો હતો અને કંઈ જ બન્યું ન હોય તેમ તેની પત્ની ગુમ થઈ ગઈ હોય તેવી વાત ઊપજાવી કાઢી હતી, છાસિયા જઈ સાસુ સહિતનાને વાત કરી હતી. ઉપરાંત પોતાના પર કોઈને શંકા ન જાય એ માટે અને પોલીસનું તથા સગાસંબંધીનું ધ્યાન અન્ય જગ્યાએ દોરવા માટે પતિએ જ પોલીસને જાણી કરી હતી કે તેની પત્ની ગુમ થઈ ગઈ છે.

જે બાદ વિંછીયા પોલીસે તપાસ કરતા મહિલાની ભાળ ન મળતાં ૨ દિવસ પહેલાં સામાજિક આગેવાનો અને યુવતિના પરિવારજનો પોલીસની ઢીલી કામગીરી સામે ધરણાં પર ઊતર્યા હતા.

આથી પોલીસે તેના પતિની ઊલટતપાસ કરતાં તે ભાંગી પડ્યો હતો. અને પોતે જ હત્યા કરીને લાશ ચોટીલાના ઢોકળવાની સીમમાં દાટી હોવાનું કહ્યું હતું.

પરિવાજનો પાસેથી મળતી વિગત મુજબ મૃતક રંજનના ૬ વર્ષ પહેલાં લગ્ન થયા હતા. તેને એક દીકરો છે.

અગાઉ રાજેશ સાળી સાથે ૩ મહિના ભાગી ગયો હતો. બન્ને ૩ મહિના સાથે રહ્યા હતા. પોલીસે આ મામલે હાલ આરોપીને સકંજામાં લઈ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી નાની મોલડી પોલીસને હાથ ધરી છે.

ધો.૧૦ના ૫૫ વિદ્યાર્થીઓએ ફરિ પેપર ચેક કરાવતા પાસ નિકળ્યા

પેપર રી-ચેક કરાવવાની અરજી કરી હતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

તાજેતરમાં જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષર બોર્ડ દ્વારા ધો.૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું, જેમાં ફેઈલ થયેલા અનેક વિદ્યાર્થીઓએ પેપર રી-ચેક કરાવવાની અરજી કરી હતી. આ અરજીનો સ્વીકાર થયા બાદ ૫૫ વિદ્યાર્થીઓ એવા છે જેઓ પહેલા ફેઈલ થયા હતા પરંતુ પેપર ફરી ચકાસવામાં આવતા તેઓ પાસ થયા હતા.

પેપર રી-ચેક કરાવવાની બોર્ડને ૨૦ હજાર જેટલી અરજી મળી હતી. બોર્ડને મળેલી કુલ અરજીઓ બાદ ગુણ ચકાસણી કરતાં ૩૬૭ વિદ્યાર્થીઓના માર્કસમાં ફેરફાર કરવો પડ્યો છે જેમાંથી ૫૫ વિદ્યાર્થીઓના ગુણમાં વધારો થતાં તેઓ નાપાસમાંથી પાસ થઈ ગયા છે.

આ સિવાય ગુણ ચકાસણી બાદ જે વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે લાયક બન્યા છે તેમના ફોર્મ પણ બોર્ડ દ્વારા જ અપલોડ કરવામાં આવશે અને તેની જાણ પણ કરી દેવામાં આવશે. કામગીરી પૂર્ણ થયા બાદ બોર્ડ દ્વારા અંતિમ સુધારો દર્શાવતો રિપોર્ટ બોર્ડની સાઈટ પર જાહેર કરવામાં આવ્યો હતો.

નવાગામના સ્મશાનગૃહમાં પ્રાર્થના હોલનું ખાતમુહૂર્ત

રાજકોટ તાલુકા પંચાયતની ગ્રાન્ટ અને દાતાનાં સહયોગથી રૂા.૮ લાખના ખર્ચે થશે નિર્માણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

રાજકોટ તાલુકાના નવાગામ આણેદપર ખાતે સમર્પણ એજયુ.ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલીત મધુવન વિસામો (સ્મશાન)માં અષાઢી બીજના શુભ દિવસે તાલુકા પંચાયતની ગ્રાન્ટ અને દાતા દિનેશભાઈ ડોબરીયાના સહયોગથી પ્રાર્થના હોલ અને પુસ્તકાલય બનાવવા ભૂમિ પુજન કરવામાં આવ્યું હતું. આ પ્રાર્થના હોલ આશરે આઠ લાખનાં ખર્ચે બનાવવામાં આવશે.આ અવસરે સરપંચ લાલજીભાઈ સોલંકી, તાલુકા પંચાયત સભ્ય રાજુભાઈ જાપરીયા, આગેવાનો રણછોડભાઈ મેર, રઘુભાઈ સોલંકી, ગોરધનભાઈ ખમસાણી, ગોવીંદભાઈ ઢોલરીયા, લાલજીભાઈ લીંબાસીંયા, બાબુભાઈ જોપડીયા, મનસુખભાઈ રંગપરા, હરેશભાઈ જેસાણી ઉપરાંત સમર્પણ ટ્રસ્ટના પ્રમુખ નારણભાઈ સોલંકી, દિનેશભાઈ સમડીયા, ધીરૂભાઈ જેસાણી, વિનોદ સોલંકી, કેતનભાઈ સોલંકી, પ્રફુલ ભોગાયતા, સંજય મંડિર, હરેશભાઈ રાઠોડ, વગેરે હાજર રહ્યા હતા.

હમીરપર પ્રાથમિક શાળાના નિવૃત્ત આચાર્ય ભાઈલાલભાઈ ભટ્ટનું અંજાર (કચ્છ)માં અવસાનઃ કાલે પ્રાર્થના સભા

રાજકોટઃ કનોજીયા બ્રાહ્મણ મૂળ તેરા હાલ અંજાર (કચ્છ) ભાઈલાલભાઈ લક્ષ્મીદાસ ભટ્ટ (નિવૃત્ત આચાર્ય હમીરપર પ્રાથમિક શાળા ઉ.વ.૮૨) તે સ્વ. સુશીલાબેન ભાઈલાલભાઈ ભટ્ટના પતિ તથા સ્વ.વિઠ્ઠલદાસભાઈ, સ્વ.ગોકળદાસભાઈ, સ્વ.શાંતાબેન અને પાર્વતીબેનના ભાઈ તેમજ સ્વ.કેશવલાલ ભાણજી ભગલાણી (નાગલપર)ના જમાઈ તથા સ્વ.છેલશંકર, સ્વ.નરેશભાઈ, દિનેશભાઈ, નવીનભાઈ, જ્યોતિબેન અને વનીતાબેનના બનેવી તથા જગદીશભાઈ ભટ્ટ, નયના દેવેન્દ્રકુમાર ભટ્ટ (અંજાર), ટીના હિતેશકુમાર ભટ્ટ (જામનગર), ગીતા તુષારકુમાર ભટ્ટ (રાજકોટ)ના પિતા તથા નીતાબેન જગદીશભાઈ ભટ્ટના સસરા તથા કિશન, હાર્દિક, હેમાંશી, હેતસ્વીના નાનાજી તથા મિહિરના પરનાનાનું તા.૫ના અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા.૭ને ગુરૂવારે સાંજે ૫ થી ૬ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજ વાડી (પીર વાડી) નગરપાલિકા રોડ અંજાર કચ્છ ખાતે રાખેલ છે, જગદીશભાઈ મો.૯૬૮૭૧૦૧૬૨૫.

રાજકોટ રેલ્વે સ્ટેશને દુર્ઘટના ટળી

બાળકનો જીવ બચાવતી મહિલા કોન્સ્ટેબલ

ચાલુ ટ્રેનમાં ચડવા જતાં ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે પડી ગયેલા બાળકને તુરંત બહાર ખેંચી લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

રાજકોટ રેલ્વે ડિવિઝનનો સ્ટાફ હંમેશા યાત્રીઓને સુખદ અને સલામત મુસાફરીનો અનુભવ આપવાનો પ્રયત્ન કરે છે. ત્યારે રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફના જણાવ્યા અનુસાર, આર.પી.એફ.ની મહિલા કોસ્ટેબલે તાજેતરમાં રાજકોટ સ્ટેશન પર ચાલતી ટ્રેનમાં ચડતી વખતે ટ્રેનમાંથી નીચે પડી ગયેલા બાળકનો જીવ બચાવ્યો હતો.

ઘટના ૪ જુલાઈ, ૨૦૨૨ની છે. પ્લેટફોર્મ ડ્યુટી પર તૈનાત આરપીએફની મહિલા કોન્સ્ટેબલ સોનુ વર્માએ જોયું કે સોમનાથ-જબલપુર એક્સપ્રેસ જ્યારે રાજકોટથી બપોરે ૧.૫૩ રવાના થઈ રહી હતી ત્યારે એક મહિલા મુસાફર અને એક બાળક ચાલતી ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કરવા લાગ્યા. હતા. અચાનક આ બાળક ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે પડી ગયું હતું જેથી કોન્સ્ટેબલ સોનુ વર્માએ તરત જ દોડીને આ બાળકને ખેંચીને બહાર કાઢ્યો હતો. આ બાળક તેના માતા-પિતા સાથે રાજકોટથી દમોહ જઈ રહ્યો હતો. આ દ્રશ્ય જોઈને અન્ય મુસાફરો દ્વારા તરત જ ચેઈન પુલિંગ કરવામાં આવ્યું હતું અને ટ્રેનને રોકી દેવામાં આવી હતી. આ પછી બાળકને તેના માતા-પિતા સાથે ટ્રેનમાં બેસાડવામાં આવ્યો હતો. બાળકના માતા-પિતાએ આરપીએફ રાજકોટના સ્ટાફનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર અનિલ કુમાર જૈન અને ડિવિઝનલ સિક્યોરિટી કમિશનર પવન કુમાર શ્રીવાસ્તવે આ મહિલા કોસ્ટેબલની સતર્કતા, સૂઝબૂઝ અને બહાદુરીની પ્રશંસા કરી છે.

ધારાશાસ્ત્રી અનિલ દેસાઈનું જાજરમાન અભિવાદન કાર્યક્રમને વકીલોનું બહોળુ સમર્થન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

આગામી તા.૯ જુલાઈના રોજ રાજકોટના કાલાવડ રોડ પર આવેલા સ્વામિનારાયણ મંદિર બી.એ.પી.એસ. હોલ, કાલાવડ રોડ ખાતે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં સમગ્ર સૌરાષ્ટ્ર - કચ્છના ભારતીય જનતા પાર્ટી લીગલ સેલના વકીલમિત્રોનું એક મહાસંમેલન મળવા જઈ રહ્યું છે, ત્યારે રાજકોટમાં વકીલોના મહાસંમેલનને લઈ સુરેન્દ્રનગર અને કચ્છમાં બેઠકોનો દોર શરૂ છે. વિવિધ જિલ્લામાં પ્રદેશ લીગલ સેલના નવનિયુક્ત સહસંયોજક સિનિયર ધારાશાસ્ત્રી અનિલભાઈ દેસાઈનું જાજરમાન અભિવાદન થઈ રહ્યું છે. કાર્યક્રમને લઈ ઠેર ઠેર વકીલોનું બહોળું સમર્થન મળી રહ્યું છે.

અનિલભાઈ દેસાઈએ કચ્છ જિલ્લામાં ભુજ, ગાંધીધામ તેમજ મોરબીનો પ્રવાસ કરી સૌ વકીલોનો સંપર્ક કર્યો હતો. દેસાઈએ વકીલોની બેઠકને સંબોધતા જણાવ્યું હતું કે, જેમ આઝાદીની લડતમાં સમગ્ર દેશમાં તમામ રાજ્યોમાં વકીલો અગ્રેસર રહ્યા હતા તેવી જ રીતે ગુજરાતમાં ભારતીય જનસંઘના, ભાજપના અને રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના વિકાસના પ્રાથમિક તબક્કામાં વકીલોનું મહત્વનું યોગદાન રહ્યું છે. કચ્છમાં અનેક સિનિયર ધારાશાસ્ત્રીઓનું યોગદાન રહ્યું છે.

આગામી સમયમાં કાયદાકીય માર્ગદર્શન માટે અભ્યાસ વર્ગ, સેમિનાર, કોન્ફરન્સ અને ટ્રેનિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવે તે દિશામાં આયોજન કરવામાં આવશે.

આ તરફ રાજકોટથી ધારાશાસ્ત્રી કમલેશભાઈ ડોડીયા, આબીદભાઈ સોસન, તરૂણભાઈ માથુર, વિજયભાઈ પટગીર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાનો પ્રવાસ કરી ચોટીલા, લીંબડી, વઢવાણ, મૂળી વગેરે ગામે ત્યાંના વકીલો સાથે બેઠક કરવામાં આવેલ હતી.

ADVERSITING HERE

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટચૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો

એક લાઈનના 5 Rs. +5%GST

મિનીમમ ૫ લાઈન ફરજીયાત

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

PACKAGINGHUB
प्रोडक्ट आपका,
सजावट हमारी ।

Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

તંત્રી સ્થાનેથી...

ઈલેક્ટ્રિક ટુ વ્હીલર...

પેટ્રોલ-ડિઝલના દરરોજ વધતા ભાવના આ સમયમાં આવી કલ્પના તત્કાલીન રાહત આપી શકે. પણ વાસ્તવિકતા એ છે કે વર્તમાન સરકાર . ઇલેક્ટ્રિક વિહિકલના ક્ષેત્રે સમગ્ર ભારતમાં ક્રાંતિ લાવવા માટે ગંભીર છે. ભારતનું ઉજ્જ્વળ ભવિષ્ય . ઇલેક્ટ્રિક વિહિકલના માર્ગમાં છે. એ લક્ષ્યને આડે અડચણો છે ને ઘણી કપરી છે અને મોંઘી પણ છે. ઇલેક્ટ્રિક વિહિકલ એટલે બેટરી સંચાલિત વાહનો. જે વાહનોના પિસ્ટન અશ્મિજન્ય બળતણને જોરે ન ચાલતા હોય પણ એન્જિન સાથે જોડાયેલી મોટી બેટરીમાંથી મળતાં પાવરની તાકાતથી ચલાયમાન રહે તે વિહિકલની ગણના ઇલેક્ટ્રિક વિહિકલમાં થાય. ભારતના અમુક રાજ્યોની સરકારે બેટરી ઓપરેટેડ ટુ-વહીલર માટે બે હજારથી લઈને દસ હજારની સબસીડી આપવા સુધીની જાહેરાત કરી છે.

વર્ષના વચલા દિને જરા પણ અવાજ ન કરતું અને બહુ સ્ફૂર્તિથી દોડતું હલકુંફુલકું ઇલેક્ટ્રિક ટુ-વિહિલર નજરે પણ ચડી જાય છે. પરંતુ દેશની ટ્રાન્સપોર્ટ સિસ્ટમમાં ક્રાંતિ આવી ત્યારે કહેવાય જ્યારે દ્વિચક્રીય વાહનોને બદલે ચતુશ્ચક્રીય વાહનો પણ ઇલેક્ટ્રિક ફોર્મમાં વેચાય અને વપરાય.

વીજળીને ચમકારે મોતી પરોવવા જેવું આ કામ છે. કેન્દ્રના રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર નીતિન ગડકરીએ તેલ અને તેલની ધાર જોઈને એક મહત્વાકાંક્ષી ઉચ્ચારણ કર્યું છે કે ઇલેક્ટ્રિક વિહિકલના મેન્યુફેક્ચકરિંગમાં ભારત વિશ્વસ્તરે હબ બનશે. ભારતમાં ઇલેક્ટ્રિક બસો, ગાડીઓ અને ટુ-વ્હીલરોનું મોટાપાયે ઉત્પાદન થતું હશે અને તેની નિકાસ પણ થતી હશે એવો આશાવાદ ગડકરીના નિવેદનમાં દેખાય છે. ભારતે ઇલેક્ટ્રિક વિહિકલનું હબ બનવું હોય તો ઉત્પાદનક્ષમતા સાથે અદભુત ટેક્નિકલ સિદ્ધિઓ હાંસલ કરવી પડશે.

જગતમંદિર પ્રશાસન દ્વારા નિર્ણય

દ્વારકાધીશ મંદિરે અડધી કાઠીએ ધજા ચડાવાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

જામનગર: હવામાન વિભાગની આગાહીને પગલે આજે દ્વારકા પંથકને મેઘરાજાએ ધમરોળી નાખ્યો હતો. દ્વારકા જિલ્લામાં વીજળીના કડકા ભડાકા અને તોફાની પવન સાથે સમગ્ર પંથકમાં સચરાચર મેઘ મહેર જોવા મળી હતી. તેવામાં ભારે વરસાદને લઈને જગતમંદિર પ્રશાસન દ્વારા સુરક્ષાના ભાગરૂપે દ્વારકાધીશ મંદિરે અડધી કાઠીએ ધજા ચડાવવામાં આવી હતી. નોંધનિય છે કે, મંદિર શિખર પર દરરોજ પાંચ ૫૨ ગજની ધજા ચડાવવામાં આવે છે. પરંતુ આજે અવિરત વરસાદને પગલે અડધી કાઠીએ ધજા ચડાવવામાં આવી હતી. તંત્રની સલાહને લઈને નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. નોંધનિય છે કે, એક વર્ષ અગાઉ તૌકતે વાવાઝોડામાં દ્વારકાધીશ મંદિરે અડધી કાઠીએ ધજા ચડાવવામાં આવી હતી. ત્યારબાદ આજે ફરી વખત દ્વારકાધીશ મંદિર પર અડધી કાઢીએ ધજા ફરકાવવામાં આવી છે.

રાજકીય નેતાની ધમકી આપવાની પોસ્ટ મૂકનાર એએસઆઇ સસ્પેન્ડ

જમાદારે પોસ્ટ મુક્યાની ગણતરીની મિનિટોમાં જ ડિલીટ કરી નાખી હતી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૬

શહેરના કુવાડવા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં અને એક રાજકીય નેતા ધમકી આપે છે તેવી પોસ્ટ મૂકનાર એએસઆઇને મંગળવારે સાંજે સસ્પેન્ડ કરી દેવાતા પોલીસબેડામાં સોપો પડી ગયો હતો. ધમકી ક્યા રાજનેતાએ આપી હતી તે હજુ સુધી બહાર નથી આવ્યું તે પહેલા જમાદારને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. કુવાડવા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઇ હિતેન્દ્રસિંહ ઝાલાએ તેના સોશિયલ મીડિયાના એકાઉન્ટમાં ચાર દિવસ પૂર્વે એક પોસ્ટ મૂકી હતી.

તે પોસ્ટમાં લખ્યું હતું કે, આજ એક નેતાને તેની અસલિયત બતાવી તો મને બદલીની ધમકી આપી કે, એવી જગ્યાએ બદલી કરીશ કે પાણી નહીં મળે, એ મને ચાર વર્ષથી હેરાન કરે છે, વગર વાંકે મારી બદલીઓ કરાવે છે, જ્યારે એનો ઇતિહાસ વિવાદોથી ખરડાયેલો છે, છતાં મને ધમકીઓ આપે છે, પણ મારી તૈયારી છે, ઝૂકેગા નહીં સાલા, મારો વાંક એટલો જ હતો કે તેના બનેવીને ત્યાં જુગારની રેડ કરી હતી, મને કોર્ટ પર પૂરો વિશ્વાસ છે, હું લડીશ ઝૂકીશ નહી. જમાદારે પોસ્ટ મુક્યાની ગણતરીની મિનિટોમાં જ ડિલીટ કરી નાખી હતી

રાજકોટના પાંચ સહિત સૌરાષ્ટ્રના ૧૬ ડેમોમાં અડધોથી ૧૭ ફુટ નવા નિરની આવક

રાજકોટના લાલપરીમાં પણ નવા નિરની પધરામણીઃ જામનગરના ઉંડ-૨માં સાડા ફુટથી વધુ નવું પાણી આવ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા. ૬

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં પડી રહેલા ભારે વરસાદને પગલે જળાશયોમાં નવા નિરની આવક શરૂ થઇ છે અને આ નવા નિરની આવક હજુ પણ યથાવત રહેવા પામી છે. દરમિયાન છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટ, જામનગર, દ્વારકા અને સુરેન્દ્રનગર જિલ્લાનાં વધુ ૧૬ ડેમોમાં અડધોથી ૧૭ ફૂટ જેટલા નવા નિરની આવક થવા પામી છે.

રાજકોટ જિલ્લાના પાંચ ડેમો, જામનગર જિલ્લાનાં પણ ૫ ડેમો, દ્વારકા જિલ્લાનાં પાંચ ડેમો અને સુરેન્દ્રનગર જિલ્લાના એક ડેમમાં નવા નિરની આવક થવા પામી છે. સૌથી વધુ દ્વારકા જિલ્લાનાં સિંધણી અને ગઢકી ડેમમાં ૧૭ ફૂટથી વધારે નવા નિર આવ્યા છે. દરમિયાન રાજકોટ સિંચાઈ વર્તુળ ફ્લડ સેલના જણાવ્યા અનુસાર આજે સવારે ૭ કલાકે પૂરા થતાં ૨૪ કલાક દરમિયાન રાજકોટ જિલ્લાનાં વેણુ-૨ ડેમમાં પોણો ફૂટ, આજી-૩ ડેમમાં અડધો ફૂટ, ન્યારી-૨ ડેમમાં પણ પોણો ફૂટ આ ઉપરાંત રાજકોટનાં લાલપરીમાં ૦.૨૬ ફૂટ અને કરમાળ ડેમમાં બે ફૂટ નવું પાણી આવ્યું છે. તેમજ જામનગર જિલ્લાના ડાઈમીણસર ડેમમાં પોણો ફૂટ, ઉંડ-૩માં એક ફૂટ, આજી-૪માં ૦.૨૬ ફૂટ, ઉંડ-૨ ડેમમાં પોણો નવ ફૂટ અને ઉમિયાસાગર ડેમમાં પોણો ફૂટ નવા પાણીની આવક થવા પામી છે. જામનગર જિલ્લામાં સૌથી વધુ ઉંડ-૨ ડેમમાં નવા નિરની આવક થઇ છે.

દરમિયાન દ્વારકા જિલ્લાનાં પાંચ ડેમોમાં પણ નવા નિર આવ્યા છે. જેમાં ઘી ડેમમાં દોઢ ફૂટ, ગઢકી ડેમમાં ૧૭.૭૨ ફૂટ, સિંધણીમાં ૧૭.૮૧ ફૂટ તેમજ શેઢાભાડથરીમાં છ ફૂટ અને વેરાડી-૨ ડેમમાં દોઢ ફૂટથી વધુ નવા પાણીની આવક થવા પામી છે. દ્વારકા જિલ્લાના ગઢકી અને સિંધણીમાં નવા નિરની ધીંગી આવક થઇ છે. જ્યારે સુરેન્દ્રનગર જિલ્લાનાં એકમાત્ર વઢવાણ ભોગાવો-૨ (ધોળધજા) ડેમમાં ૦.૩૯ ફૂટ નવા પાણીની આવક થઇ છે.

સલાયા-ખંભાળિયા હાઈ-વે પર ઓઈલ ભરેલા ટેન્કરની પલ્ટી

ટેન્કર ડ્રાઈવરનો આબાદ બચાવ,

(અમારા પ્રતિનિધિ દ્વારા)

જામનગર: સલાયા-ખંભાળિયા હાઈ-વે ગોળાઈ નજીક ઓઈલ ટેન્કર પલ્ટી ખાઈ જતાં ટેન્કરમાંથી પેટ્રોલ ઢોળાવવાનું ચાલુ થયું હતું. પોલીસે ઘટનાસ્થળે પહોંચી જઈ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. સલાયા-ખંભાળિયા રોડ સલાયાથી ૫ કિ.મી. દૂર સહયોગ પેટ્રોલિયમ નામના નયારા કંપનીના પેટ્રોલ પંપનું ઓઈલ ટેન્કર અચાનક પલ્ટી મારી જતા તેમાં રહેલા ડ્રાઈવર પ્રેમરામનો આબાદ બચાવ થયો હતો. ટેન્કરમાં ૧૯ હજાર લીટર પેટ્રોલ તથા ૫ હજાર લીટરનો જથ્થો ભર્યો હતો. અકસ્માત ન થાય તે માટે સલાયા મરીન પોલીસે બંદોબસ્ત ગોઠવી વાહન વ્યવહાર ચાલુ કરાવ્યો હતો. ક્રેઈન આવ્યા બાદ ટેન્કરને ઉભુ કરી શકાશે ત્યાં સુધી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. અકસ્માતના પગલે ટેન્કર પલ્ટી ગયા બાદ તેમાંથી પેટ્રોલ-ડીઝલ ઢોળાવવા લાગ્યું હતું, કોઈ અકસ્માત ન બને તે માટે પોલીસે બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

શાપરમાં કારખાનામાંથી ૨૦૦ કિલો એલ્યુમીનીયમની ચોરી

કારખાનાના શેડમાં પડેલ બીડનું ૩૭૦ કિલો કાસ્ટીંગ સહીત રૂ.૬૪૮૦૦ની મતાની અજાણ્યા શખ્સો ચોરી કરી ફરારઃ પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ તા.૬

શાપર ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ફરી તસ્કર ટોળકી સક્રીય થઈ હોય તેમ ફરીથી પડવલા ગામે આવેલ બાલાજી કાસ્ટીંગ નામના કારખાનાને નિશાન બનાવી રૂમના દરવાજાના નકુચા તોડી અંદર રહેલ એલ્યુમીનીયમની પેટર્ન ૨૦૦ કિલો અને શેડમાં રાખેલ બીડની કાસ્ટીંગ ૩૭૦ કીલો મળી રૂ.૬૪૮૦૦ના મુદામાલની અજાણ્યા શખ્સો ચોરી કરી ગયાની ફરિયાદ શાપર પોલીસ મથકે નોંધાઈ હતી. બનાવ અંગે ફરિયાદી કારખાનેદાર ચિરાગભાઈ ગીરધરભાઈ ગીણોયા (પટેલ) (ઉ.વ.૨૭) (રહે. મવડી બાયપાસ, રાજકોટ) એ જણાવ્યું હતું કે હું શાપરમાં પડવલા ગામ પાસે રિવેરા ગેટની અંદર બાલાજી કાસ્ટીંગ નામનું કારખાનું ભાગીદારીથી ચલાવુ છું.

ગઈ તા.૨૮ના સવારે અમારા કારખાને કામ કરતા કર્મચારીનો ફોન આવેલ કે આપના કારખાનાનો મુખ્ય દરવાજો તુટેલી હાલતમાં છે, જેમની જાણ થતા હું તથા મારા ભાગીદારો તાત્કાલીક કારખાને દોડી ગયા હતાં. કારખાને પહોંચતા મુખ્ય દરવાજો તુટેલ હતો. અંદર જોઈ તપાસ કરતાં ઓફીસની બાજુમાં આવેલ રૂમના નકુચા તોડી રૂમમાં રાખેલ એલ્યુમીનીયમની ૨૦૦ કિલો પેટર્ન જોવા મળી ન હતી તેમજ શેડની અંદર રાખેલ બીડ કાસ્ટીંગ ૩૭૦ કિલો પણ ગુમ હતી.

કુલ મળી રૂ.૬૪૮૦૦ના મુદામાલની કોઈ અજાણ્યા શખ્સો ચોરી ગયેલ હતા. જે મામલે શાપર પોલીસ મથકના એએસઆઈ પી.આર. બાલાસરા અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોની શોધખોળ આદરી હતી.

શેરબજારમાં સર્જાયેલી મંદીને કારણે પ્રાયમરી માર્કેટ થયું ઠપ્પ

૨0000 કરોડના આઈપીઓ પાઈપલાઈનમાં પરંતુ પ્રમોટર્સ આઈપીઓ લાવવાની હિંમત નથી કરતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૬

પ્રવર્તમાન શેરબજારની સેકન્ડરી માર્કેટની મંદીને કારરે કેશ સેગમેન્ટના વોલ્યુમમાં અસાધારણ ઘટાડો જોવા મળ્યો છે. એપ્રિલ મહિનામાં ૩૦ કરોડથી વધુ ટર્ન ઓવર એવરેજ ડેઈલી જે એનએસઈમાં હતું તે ઘટીને ૪૫૦૦ કરોડથી પણ ખુબ નીચે ડેઈલી ટર્નઓવર કેશ સેગમેન્ટમાં જતું રહ્યું છે. આના કારણે પ્રાઈમરી માર્કેટમાં મેઈન બોર્ડના મોટા આઈપીઓ લઈ આવવાની કોઈ પ્રમોટર્સ હિંમત કરતા નથી, હા નાના નાના એસએમઈ આઈપીઓ ખુબ આવી રહ્યા છે. પરંતુ મેઈન બોર્ડના આઈપીઓ અટકી પડયા છે, એક અંદાજ પ્રમાણે સેબીએ જે આઈપીઓને મંજૂરી આપી દીધી છે તેવા ૨૦ હજાર કરોડથી વધુના આઈપીઓ પાઈપ લાઈનમાં છે.શેર બજારની મંદીના મુખ્ય કારણોમાં એફઆઈઆઈની સતત વેચવાલી પણ છે.

એફઆઈઆઈએ જૂન મહિનામાં ૫૦૦ કરોડથી વધુના શેરો બજારમાં વેચ્યા છે. એક અંદાજ પ્રમાણે છેલ્લા છ મહિનામાં એફઆઈઆઈએ ત્રણ લાખ કરોડના શેરો બજારમાં વેચી નાખ્યા છે.

આવું ઘણા વર્ષો પછી જોવા મળ્યું છે કે, એફઆઈઆઈ આટલી રકમના શેરો એકી સાથે વેચ્યા હોય.

બીજી બાજુ મોંઘવારીને કારણે વ્યાજદરોમાં થઈ રહેલો વધારો પણ બજારના ઘટ્યાનું કારણ છે, ક્રૂડ ઓઈલમાં પણ સતત તેજી થતાં પેટ્રેલ-ઝિલના ભાવો વધવાની શક્યતા પણ બજારોમાં જોવાઈ રહી છે. એફ.વાય.૨૩ના પ્રથમ ક્વાર્ટરના પરિણામો પણ નબળા આવશે અથવા તો ધાર્યા હોય તેટલા સારા નહીં હોય. રશિયા-યુક્રેન વિવાદ પણ ખૂબ લાંબો ચાલ્યો છે. જેના હિસાબે વૈશ્વિક શેરબજારોમાં પણ નેગેટિવ ઈમ્પેકટ આવતા આપણા ભારતના શેરબજારોમાં પણ નરમાઈ જ જોવા મળી રહી છે.

આના હિસાબે પ્રાયમરી માર્કેટના તો હાલ જ ખરાબ છે જે અધુરામાં પુર એમ કહીએ તો એલઆઈસીના આઈપીઓમાં રોણકારોએ મોટી ખોટ સહન કરવાનો વારો આવતા રોકાણકારો પણ તોળી-તોળીને એટલે કે સાવચેતીપૂર્વક જ નવા આઈપીઓમાં રોકાણ કરશે તેમાં કોઈ શંકા નથી. પ્રાયમરી માર્કેટ ફરીથી ધમધમશે પરંતુ એકાદ-બે મહિના લાગશે તેવું માર્કેટ એકસપર્ટ પરેશભાઈ વાઘાણીએ જણાવ્યું છે.

કેરી ખરીદવાના બહાને વેપારી સાથે ૨.૯૦ લાખની છેતરપીંડી

સોશિયલ મીડિયામાં કેરીની જાહેરાત કરી યુવાન છેતરાયોઃ આરોપીની ધરપકડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૬

કાલાવડ રોડ, વૃંદાવન સોસાયટીમાં ભાડેથી રહેતા મૂળ ગીર સોમનાથના મોરાજ ગામના કિશોર દાનાભાઇ પરમાર નામના યુવાને વિસાવદરના જાંબુડી ગામના રમેશ ભીખા ભંડેરી નામના શખ્સ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. રાજકોટમાં રહી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા કિશોરની ફરિયાદ મુજબ, કેરીની સિઝનમાં કેરીનું વેચાણ કરતો હોય કેરી અંગેની સોશિયલ મીડિયામાં જાહેરાત પોસ્ટ કરી હતી. બાદમાં એપ્રિલ મહિનામાં રમેશ ભંડેરીનો ફોન આવ્યો હતો અને તેને ૫૦૦ બોક્સ કેરી ખરીદ કરવાની વાત કરી હતી.

જેથી આટલા બધા બોક્સ નહિ હોવાનું અને પોતાની પાસે ૨૦૦ બોક્સ કેરીની વ્યવસ્થા થઇ શકે તેમ હોવાની વાત કરી હતી. તે પેટે એડવાન્સમાં એક લાખ દેવાની વાત કરી હતી. જેથી રમેશ ભંડેરીએ આટલા બધા રૂપિયા હાલ નહિ હોવાનું અને તેની પાસે ૫૦ હજાર હોવાની વાત કરી હતી. ત્યાર બાદ પોતાને દોઢસો ફૂટ રિંગ રોડ પર એડવાન્સ પેમેન્ટ લઇ જવાની વાત કરતા પોતે ત્યાં પહોંચ્યો હતો. આ સમયે તેને ૫૦ને બદલે રૂ.૩૦ હજાર આપી બાકીના રૂ.૨.૯૦ લાખ કેરીના બોક્સ મળી જાય પછી આપવાની વાત કરી હતી. બાદમાં રમેશ ભંડેરીએ કેરીના બોક્સ નવાગામમાં આવેલા ગોડાઉનમાં ઉતારવાનું કહ્યું હતું. કેરીના બોક્સ ઉતારી દીધા બાદ રૂપિયાની માગણી કરતા તેને ચેક આપ્યો હતો. જે ચેક બીજા દિવસે બેંકમાં વટાવવા માટે નાંખતા ચેકમાં છેકછાક હોવાનું બેંક કર્મચારીએ કહી ચેક સ્વીકાર્યો ન હતો. જેથી રમેશ ભંડેરીને ચેક મુદ્દે વાત કરવા મોબાઇલ કરતા તેને ફોન રિસીવ કર્યો ન હતો. ત્યાર બાદ રમેશ ભંડેરીએ તેનો મોબાઇલ સ્વિચ ઓફ કરી દીધો હતો. આમ પોતાની સાથે રમેશ ભંડેરીએ રૂ.૨.૯૦ લાખની છેતરપિંડી કરી હોય માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

રાજકોટ ક્રાઈમ

એંઠવાડની ડોલ મૂકવા મામલે યુવાન પર છરીથી હુમલો

ગોંડલ તાલુકાના કંટોલિયા ગામે એંઠવાડની ડોલ મૂકવા જેવી સામાન્ય બાબતે યુવાન પર છરી વડે હુમલો થતા સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. મામૂલી એવી બાબતમાં મોટી બબાલ થઇ પડતાં આસપાસ લોકોના ટોળાં એકઠાં થઇ ગયા હતા જો કે વચ્ચે પડવાની કોઇએ હિંમત કરી ન હતી. પ્રાપ્ત વિગતો મુજબ કંટોલિયા ગામે રહેતા ખોડાભાઈ રાજાભાઈ માટીયાના માતા અને પત્ની દ્વારા બજારમાં એંઠવાડની ડોલ મૂકવામાં આવતી હોય જે અંગે અમૃત ઉર્ફે અમુ દેવકરણભાઈ ગઢવી સાથે ઝઘડો ચાલી રહ્યો હોય દરમિયાન ખોડાભાઈ સમજાવવા જતા તેના પર આ લોકોએ છરી વડે હુમલો કરતા ગંભીર રીતે ઘવાતા સારવાર માટે હોસ્પિટલે ખસેડ્યા હતા. જ્યાં તેઓએ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી અને ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરવા તજવીજ આરંભી હતી.

ત્રણ ચોરાઉ બાઇક સાથે બે ઝબ્બે

રાજકોટમાંથી ક્રાઇમ બ્રાંચ બાતમીના આધારે ત્રણ ચોરાઉ બાઇક સાથે આશીફ મજીદભાઇ ઘાનાણી (ઉ.વ. ૩૨, રહે. ભવાની ચોક, જંગલેશ્વર) અને મિલન જીગરઅલી પંજવાણી (ઉ.વ. ૨૪, રહે. શ્યામનગર, ગાંધીગ્રામ)ને પકડી લઈ કુલ રૂા.૭૫ હજારના ત્રણ બાઈક કબજે કર્યા હતા. જેમાં એક બાઈક અંગે ૨૦૧૮માં ગાંધીગ્રામ પોલીસમાં ગુનો નોંધાયો હતો. જ્યારે અન્ય બે બાઈકના વાહન માલિકો અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

બે દુકાનના તાળા તૂટ્યા, ૮ હજારની ચોરી

મંગળવાર મોરબી રોડ પર આસ્થા શાંગ્રીલા સોસાયટી નજીક આવેલી બાલકૃષ્ણ પ્રોવિઝન સ્ટોર અને સોનલ કૃપા ડેરી નામના દુકાનના શટર કોઈ સાધનો વડે તોડી તસકરોએ દુકાનોમાંથી રૂા.૬ હજારની રોકડ અને બે હજારના બિસ્કીટના સામાન મળી કુલ રૂા.૮ હજારની ચોરી કર્યાની વેપારી ચેતનભાઈ નરોત્તમદાસ નથવાણી (ઉં.વ.૫૨, રહે . આસ્થાન શાંગ્રીલા)એ ગાંધીગ્રામ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

પતિએ ઝેર પી લીધું

મંગળવાર ગોંડલ રોડ પર એસ.ટી. વર્કશોપ પાછળ ખોડીયારનગરમાં રહેતા અમૃત મોહનભાઇ પરમાર (ઉ.વ. ૨૪) એ ઝેરી દવા પી લેતા સિવિલમાં ખસેડાયો હતો. તેણે જણાવ્યું કે, તેના લગ્ન દોઢેક વર્ષ પહેલા થયા હતા. તેની પત્ની રિસામણે છે. તેણે મહિલા પોલીસમાં અરજી કરતા પોલીસે તેને નિવેદન માટે બોલાવ્યો હોય જેથી કેશ થશે. તેવો ડર લાગતા દવા પી લીધાનું જણાવ્યું હતું.

દાગીનાની ચોરી કરનાર આરોપી ઝડપાયો

રાજકોટ, મંગળવાર કોઠારીયા સોલવન્ટમાં શિતલાધાર વિસ્તારમાં રહેતા યુવાનના મકાનને નિશાન બનાવી વંડી ટપી ઘરમાં ઘૂસી સોના - ચાંદીના દાગીના ચોરી થયાની આજી ડેમ પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ આજે બાતમીના આધારે ક્રાઇમ બ્રાંચે શિતળાધાર નજીકથી તે વિસ્તારમાં રહેતા નિલેષ ઉર્ફે ભુરં ગોપાલભાઇ વાઘેલા (ઉ.વ. ૨૦)ને પકડી રૂા. ૧૨,૫૦૦ની કિંમતન ચોરાઉ દાગીના કબ્જે કર્યા હતા.

૨૯ બોટલ દારૂ ઝડપી પાડતી ભક્તિનગર પોલીસ

રાજકોટઃ ભક્તિનગર પોલીસને બાતમીને આધારે શહેરના હશનવાડી મે.રોડ ત્રિસુલ ચોક રાજદીપ પાનવાળી શેરીમાંતી આરોપીના રહેણાંક મકાનમાંથી અલગ અલગ બ્રાન્ડનો કુલ ૨૯ બોટલ મળીને ૧૪૫૦૦નો મુદામાલ જપ્ત કર્યો હતો અને આરોપી જયરાજ ગઢવીની શોધખોળ આદરી હતી. આ કામગીરી પીએસઆઇ એચ.એન.રાયજાદાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

રૂડાનગર-૩માં મકાનમાંથી રૂ.૪.૫૧ લાખની ચોરી

બંધ મકાનના નકૂચા તોડી અંદર ઘૂસેલા બે તસ્કર સીસીટીવીમાં કેદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ.તા.૬

કાલાવડ રોડ પરના રૂડાનગર-૩માં બંધ મકાન તસ્કરોની નજરે ચડી ગયું હતું, મકાનમાં ઘૂસી બે શખ્સ રોકડા રૂ.૫૯ હજાર અને સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂ.૪,૫૧,૬૫૦નો મુદ્દામાલ ઉસેડી ગયા હતા. રૂડાનગર-૩માં રહેતા પેઇન્ટર પ્રવીણભાઇ મેરૂભાઇ ભટ્ટી (ઉ.વ.૫૧)એ તેમના મકાનમાં ચોરી થયા અંગેની યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રવીણભાઇ ભટ્ટીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના બહેન જ્યોત્સનાબેન સોમનાથ વેરાવળ રહે છે અને તે બીમાર હોવાથી તેમના ખબર અંતર પૂછવા માટે સોમવારે બપોરે ૨ વાગ્યે ઘરને તાળું મારી આખો પરિવાર ટ્રેનમાં વેરાવળ ગયો હતો, અને રાત્રે સોમનાથમાં બહેનના ઘરે જ રોકાઇ ગયા હતા.

મંગળવારે સવારે ૯.૪૫ વાગ્યે પાડોશી પ્રેમભાઇ વિઠ્ઠલાણીએ પ્રવીણભાઇને ફોન કરીને તેમના મકાનના દરવાજાનો નકૂચો તૂટેલો હોવાનું અને મુખ્ય દરવાજો ખુલ્લો હોય અને સામાન વેરવિખેર હોય ચોરી થયાની જાણ કરી હતી.

ચોરીની ઘટનાની જાણ થતાં જ ભટ્ટી પરિવાર મંગળવારે બપોરે ઘરે આવતા જ દરવાજાનો નકૂચો તૂટેલો હતો અને કબાટની તમામ સામગ્રી વેરવિખેર હતી, ભટ્ટી પરિવારે કબાટમાં નજર કરતાં જ સોનાનું મંગલસૂત્ર, સોનાનો સેટ, સોનાની કાનની સર, સોનાની ૩ વીંટી, સોનાનો ચેઇન, સોનાના ૧૨ દાણા, સોનાની બૂટી, સોનાની ચાર ગીની, ચાંદીના દાગીના અને રોકડા રૂ.૫૯ હજાર મળી કુલ રૂ.૪,૫૧,૬૫૦ની માલમતાની ચોરી થઇ હતી.

ચોરીના બનાવ અંગે જાણ કરાતા યુનિવર્સિટી પોલીસ દોડી ગઇ હતી અને સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતા સોમવારે રાત્રે જ ભટ્ટી પરિવારના બંધ મકાનમાં બે શખ્સ ઘુસ્યા હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસે ગુનો નોંધી રાબેતા મુજબ તપાસ શરૂ કરી હતી. ભટ્ટી પરિવાર બહારગામ ગયો અને થોડી જ કલાકોમાં રાત્રીના ચોરી થતાં અન્ય રહીશોમાં ફફડાટ ફેલાયો હતો.

સોનું લેવા નિકળેલ મહીલા પાસેથી રૂ.૧.૭૦ લાખ સેરવી લેતી રીક્ષાગેંગ

રિક્ષાચાલક, મહિલા સહિત ત્રણ સામે પ્રદ્યુમનનગર પોલીસમાં ફરિયાદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૬

ટ્રાફિક પોલીસ દ્વારા શરૂ કરાયેલી રિક્ષા નોંધણી ઝુંબેશની જાણે કોઇ અસર જ ન હોય તેમ રિક્ષા ગેંગ શહેરમાં એક પછી એક બનાવોને અંજામ આપી રહી છે. ત્યારે રિક્ષા ગેંગે વધુ બે બનાવને અંજામ આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે.

ઘંટેશ્વર એસઆરપીમાં ફરજ બજાવતા ભૂરાભાઇ કરશનભાઇ ધ્રાંગાના પત્ની મધુબેને નોંધાવેલી ફરિયાદ મુજબ, મધુબેનને સોનાના ચેઇનની ખરીદી કરવી હોય મંગળવારે સવારે સાડા આઠ વાગ્યે ઘંટેશ્વરથી પ્લાસ્ટિકની થેલીમાં રૂ.૧.૭૦ લાખની રોકડ પર્સમાં રાખીને નીકળ્યા હતા.

સિટી બસમાં બજરંગવાડી દીકરીને ત્યાં ગયા હતા. ત્યાંથી ત્રિકોણબાગ જવા માટે બજરંગવાડી ચોકમાંથી રૂ.૧૦૦નું ભાડું નક્કી કરી રિક્ષા કરી હતી. દરમિયાન રિક્ષા થોડે આગળ જતા ચાલકે પોતાને પૂછીને મહિલા, પુરૂષ અને એક બાળકને રિક્ષામાં બેસાડ્યા હતા. બાદમાં રિક્ષા હોસ્પિટલ પાસે પહોંચતા ચાલકે ભાડું લીધા વગર મહિલા, પુરૂષ અને બાળકને ઉતારી દીધા હતા અને પોતાને ત્રિકોણબાગ ઉતારી હતી.

ચાલકને ભાડું ચૂકવતા તે તુરંત જ ત્યાંથી જતો રહ્યો હતો. બાદમાં પોતાની પાસે રહેલી પ્લાસ્ટિકની થેલી ચેક કરતા તેમાં રાખેલું રોકડ સાથેનું પર્સ જોવા મળ્યું ન હતું. જે પર્સ રિક્ષામાં વચ્ચેથી બેઠેલી મહિલા, પુરૂષે જ નજર ચૂકવી ચોરી કરી હોવાનું માલૂમ પડ્યું હતું. બાદમાં બનાવ અંગે રિક્ષાચાલક, મહિલા સહિત ત્રણ સામે પ્રદ્યુમનનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જૂનાગઢને પીવાનું પાણી પુરૂ પાડતો વિલીંગ્ડન ડેમ પણ ઓવરફ્લો

જૂનાગઢ તા. ૬ : જૂનાગઢને પીવાનું પાણી પુરૂં પાડતો આણંદપુર ડેમ બાદ વિલીંગ્ડન ડેમ પણ ઓવરફ્લો થતાં નગરજનોમાં ખુશી વ્યાપી ગઇ છે. ગત સપ્તાહમાં આણંદપુર જળાશય છલોછલ થઇ ગયા બાદ છેલ્લા ત્રણ દિવસથી જૂનાગઢના દાતાર વિસ્તારમાં સતત વરસાદ હોય વિલીંગ્ડન ડેમ નવા પાણીથી ભરપૂર થઇ ગયો છે. વિલીંગ્ડન ડેમ ભરાય જતા તેનો નજારો માણવા શહેરીજનો ઉમટી પડયા હતા. જૂનાગઢનો ત્રીજો ડેમ હસ્નાપુરમાં પણ ગિરનાર જંગલ પર્વત પરથી નવા નીરની ભરપૂર આવક ચાલુ છે.

સતત ત્રણ દિવસના વરસાદથી છલોછલ

માંડા ડુંગર વિસ્તારમાં ગેરકાયદે ધમધમતા ૧૫થી વધુ કારખાનાઆને મનપાની નોટીસ, છતાં જૈસે થે જેવી સ્થિતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ગેરકાયદેસર અને સુચિત વિસ્તારોમાં તેમજ કોમન પ્લોટમાં કરેલ બાંધકાનો સર્વ કરીને તેને પાડવા માટે ઝુંબેશ ચાલી રહી છે ત્યારે એક વાત કહી શકાય કે કદાચ મનપા તંત્રને આજીડેમ વિસ્તારમાં આવેલ માંડા ડુંગર અને રાંદરડા તળાવ નજીક થયેલ ગેરકાયદે બાંધકામ નજરે પડ્યા નથી. રાંદરડા તળાવની જમીનો પણ કારખાનાઓ દ્વારા કબ્જે કરીને ગેરકાયદેસર કારખાનાઓ ઉભા કરીને ભઠ્ઠીઓ ધમધમતી કરી દીધી છે કે જાણે તેને કોઇ નિયમ જ લાગુ પડતો ન હોય તે રીતે! પરશુરામ ઇન્સ્ટ્રીઝમાં અનેક કારખાનોઓ ધમધમી રહ્યા છે. જેના કારણે તે રહેણાંક વિસ્તારમાં પ્રદુષણ ખૂબ જ મોટા પ્રમાણમાં વધી ગયું છે.

કારખાના ધારકો કારખાનામાં ગેરકાયદે ભઠ્ઠીઓ ચલાવે છે તેનો કચરો છેક ભાવનગર રોડ આરકે યુનિવર્સિટીના ગેટ સુધી પાથરી દેવામાં આવે છે. ભઠ્ઠીમાંથી કેમિકલનો ઝેરી અને નુકશાનકારક કચરો ખુલ્લે આમ નાખી દેનાર સામે તંત્ર ક્યારે કાર્યવાહી કરશે તે જોવનું રહ્યું અને કારખાનોને તાત્કાલીક બંધ કરવા તેના વિરૂધ્ધ યોગ્ય પગલા લેવા જોઇએ તેવો સ્થાનિક રહીશોમાં શુર ઉઠ્યો છે. અને પોલ્યુશન બોર્ડના અધિકારીઓએ આ ધમધકતી ભઠ્ઠીઓ પાસેથી વહીવટ કર્યાની ચર્ચાઓ પણ વહેતી થઇ છે.

આ કારખાનાઓમાં ચાલતી ભઠ્ઠીઓ ખૂબ જ જોખમ કારક હોય છે. છતાં આવા જોખમકારક કામગીરીમાં બાળ મજુરો દ્વારા કામગીરી કરવામાં આવે છે જે ખરેખર ગુનાહીત પ્રવતિ ગણી શકાય. ત્યારે તંત્ર દ્વારા ૧૫ થી વધુ કારખાનેદારોને નોટીસ અપાઇ હતી. પરંતુ નોટીસ આપ્યા બાદ હજુ પણ પરિસ્થતિ પહેલા જેવી જ છે કંઇ સુધારો આવ્યો નહીં. હવે તે તંત્રની નિષ્ક્રીયતા ગણી શકાય છે પછી શું તે નક્કી કરી શકાય તેમ નથી.

ખીરસરા ગ્રામપંચાયતના નવા બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

લોધિકા તાલુકાના ખીરસરા ગામમા ગ્રામપંચાયતના નવા બિલ્ડિંગનું ખાતમુહૂર્ત ધારાસભ્ય લાખાભાઇ સાગઠીયા હસ્તે કરવામાં આવેલ. જીલ્લા પંચાયત સામાજીક ન્યાય સમિતિ ચેરમેન મોહનભાઈ દાફડા, જીલ્લા પંચાયત દંડક મુકેશભાઇ તોગડીયા, ખીરસરા સરપંચ મુકેશભાઇ મકવાણા, તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઇ કમાણી, તાલુકા પંચાયત પ્રમુખ ગીતાબેન રાઠોડ, જીલ્લા યુવા ભાજપ જયેશભાઈ સાગઠીયા, મહામંત્રી દિલીપભાઈ કુગશીયા, મોહનભાઈ ખુટ, જીલ્લા ભાજપ કિશાન મોરચા મંત્રી પ્રવિણસિંહ ડાભી, હાસ્ય કલાકાર ધીરૂભાઇ સરવૈયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

ડો.શ્યામા પ્રસાદજીનું આદર્શ જીવન લાખો કરોડો લોકોની પ્રેરણા

દેશભકિત એકતા નિર્ભિકતાની મશાલ એટલે ડો.શ્યામાપ્રસાદ મુખર્જીઃ રાજુ ધ્રુવ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ડો.શ્યામાપ્રસાદ મુખર્જીને તેમના અવતરણ દિવસ નિમિત્તે સૌરાષ્ટ્ર ભાજપ પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે શત શત નમનસહ કહ્યું છે કે, દેશભક્ત અને રાષ્ટ્રવાદી ડો. શ્યામાપ્રસાદજીનું આદર્શ જીવન ભારતના લાખો કરોડો લોકોને પ્રેરણા આપે છે. તેઓ ભાજપના કરોડો કાર્યકર્તાઓના પથદર્શક છે. ડો. શ્યામાપ્રસાદ મુખર્જીએ પોતાનું સંપૂર્ણ જીવન ભારતની એકતા, અખંડિતતા અને શ્રેષ્ઠતા માટે સમર્પિત કર્યું હતું. તેમણે એક વિદ્વાન દેશભક્ત અને બુદ્ધિજીવી રાષ્ટ્રવાદી તરીકે પોતાની અલગ ઓળખ બનાવી હતી.ડો. શ્યામાપ્રસાદ મુખર્જી ભારતીય જનસંઘના સંસ્થાપક સભ્યોમાં મુખ્ય હતા. જમ્મુ-કાશ્મીરમાં લગાવવામાં આવેલા અનુચ્છેદ-૩૭૦ સામે મુખ્ય રીતે અવાજ ઉઠાવનારા લોકોમાંડો. શ્યામાપ્રસાદ મુખર્જીનુંનામ સૌથી પહેલા હતું.

ડો. શ્યામાપ્રસાદ મુખર્જીનો જન્મ પશ્ચિમ બંગાળના કોલકાતામાં ૬ જુલાઈ ૧૯૦૧ના દિવસે શિક્ષણશાસ્ત્રી-ન્યાયાધીશ આશુતોષ મુખર્જીના પરિવારમાં થયો હતો. જ્યારે ૨૪ જૂન ૧૯૫૩ ના દિવસે જેલમાં જ તેમનું શંકાસ્પદ નિધન થયું હતું. ૩૩ વર્ષની ઉંમરે અંગ્રેજોના શાસનમાં પણ પોતાની મેધાવી તેજસ્વીતાના કારણે કલકત્તા યુનિવર્સિટીમાં ઇતિહાસમાં અભૂતપૂર્વ રીતે કુલપતિ બન્યા હતા અને શિક્ષણક્ષેત્રે અનન્ય પ્રદાન કર્યું હતું.

આધુનિક ભારત અને સાંસ્કૃતિક વિરાસત બંનેને સાથે લઈ શ્રેષ્ઠ અને શક્તિશાળી ભારત બનાવવા નીકળી પડેલ મરજીવાઓ ડો. મુખર્જી, પ.દીનદયાળ ઉપાધ્યાય તથા અન્ય ભાજપ જનસંઘ સ્થાપકોના સંકલ્પો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સાકાર કર્યા છે. તેમ જણાવતા રાજુભાઈ ધ્રુવે ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના જન્મદિવસ નિમિતે તેમની દેશસેવા, રાષ્ટ્રપ્રેમ અને દેશની એકતા અને અખંડિતા માટે કરેલા સમર્પણ અને બલિદાનને



ભાવપૂર્વક યાદ કરી વંદન કર્યા છે.(૧૩)

આજે સાંજે પ્રિન્સિપાલ ડી.પી.જોશી પબ્લિક લાઈબ્રેરી ખાતે ‘ગ્રંથગોષ્ઠિ’

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

પ્રિન્સિપાલ ડી.પી. જોશી પબ્લિક લાઈબ્રેરીના ઉપક્રમે શહેરના સાહિત્યરસિકો દર મહિને સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્ર, ૩-બાલમુકુંદ પ્લોટ્સ ખાતે ગ્રંથગોષ્ઠિ’ સાહિત્યસભામાં એકત્ર થઈ વિવિધ ભાષાની ઉત્તમ સાહિત્ય કૃતિનો, સાહિત્યના ઉત્કૃષ્ટ કાર્યક્રમોની દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા પ્રસ્તુતિ તેમજ વિવિધ ક્ષેત્રના તજૂજ્ઞઓની જ્ઞાનવાણીનો આસ્વાદ માણે છે. આ માસની ૨૭૯ મી ‘ગ્રંથગોષ્ઠિ’ બેઠક આજે બુધવારે સાંજે ૫ વાગ્યે મળશે. આ બેઠકમાં યુ.એસ.એ. સ્થિત કેન્સાસ સ્ટેટ યુનિર્વર્સિટીના ધ કોલેજ ઓફ આર્કિટેકચર, પ્લાનિંગ એન્ડ ડિઝાઇનના ઇન્ટિરીયર આર્કિટેકચર એન્ડ પ્રોડકટ ડિઝાઈન ડિપાર્ટમેન્ટના પ્રો. વિભાવરી જાની **My Italian Journev under the Tuscan Sun** નો રસાસ્વાદ કરાવશે તેમ જ પોતાના ઈટાલીના પ્રવાસના અનુભવો વર્ણવશે.(૧૩)

‘ટાર્ગેટ રાઈફલ શૂટિંગ એકેડમી’ ના નિશાનેબાજોએ ૧૦ મેડલ હાંસિલ કર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ભરૂચ ડીસ્ટ્રીકટ શૂટિંગ સ્પર્ધામાં સુરતની ‘ટાર્ગેટ રાઇફલ શૂટિંગ એકેડમી’ ના નિશાનેબાજોનો તરખાટ : રેકોર્ડબ્રેક ૫ ગોલ્ડ સાથે કુલ ૧૦ મેડલ હાંસિલ કર્યા. સુરતની લેન્સર્સ આર્મી સ્કૂલમાં સ્થિત ‘ટાર્ગેટ રાઇફલ શૂટિંગ એકેડમી’ એ તારીખ ૨ જૂન થી ૫ જૂન દરમ્યાન યોજાયેલી ભરૂચ ડીસ્ટ્રીકટ શૂટિંગ સ્પર્ધામાં રેકોર્ડબ્રેક ૫ ગોલ્ડ મેડલ, ૩ સિલ્વર મેડલ તેમજ ૨ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યા હતા. એકેડમીમાંથી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર નિશાનેબાજોમાં સાઈ ચેવલી (**ISSF** સિનિયર કેટેગરી-પિસ્તોલ શૂટર), સ્નેહા પ્રજાપતિ (**ISSF** સિનિયર કેટેગરી-પિસ્તોલ શૂટર), હિરલ શિયાણી (**ISSF** જુનિયર કેટેગરી-પિસ્તોલ શૂટર), યુગ જરીવાલા (યુથ કેટેગરી - રાઇફલ શૂટર), રાજવી કાકડિયા (**ISSF** જુનિયર કેટેગરી- રાઇફલ શૂટર) છે જયારે સિલ્વર મેડલ પ્રાપ્ત કરનાર નિશાનેબાજોમાં વિધી ગોધાણી (યુથ કેટેગરી - રાઇફલ શૂટર), સ્નેહલ મૌર્યા (**ISSF** યુથ કેટેગરી - રાઇફલ શૂટર), અભિજીતસિંહ રાજપૂત (સિનિયર કેટેગરી - રાઇફલ શૂટર) છે. આ ઉપરાંત એકેડમીમાંથી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરનાર નિશાનેબાજોમાં ભરતભાઈ પટેલ (**ISSF** સિનિયર કેટેગરી - પિસ્તોલ શૂટર), શુભમ જરીવાલા (**ISSF** જુનિયર કેટેગરી - રાઇફલ શૂટર) છે. એકેડમીના ફાઉન્ડર વિમલભાઈ રાજ્યગુરૂ તેમજ ડાયરેક્ટર દિવ્યેશભાઈ ગેડીયાએ એકેડમીના મેડાલીસ્ટ શૂટરોને મેડલ પ્રાપ્તિ માટે ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા.

વંદે ગુજરાત વિકાસ યાત્રાની તૈયારીના ભાગરૂપે સરપંચઓ અને તલાટી કમ મંત્રીઓની બેઠક મળી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

દેવભૂમિ દ્વારકા, તા.૬

દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલા વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. વિકાસયાત્રા દરમિયાન વિકાસના કાર્યોનું લોકાર્પણ, નવા મંજુર થયેલા કામોની જાહેરાત, વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત સહાય વિતરણ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. વંદે ગુજરાત વિકાસ યાત્રાની તૈયારીના ભાગરૂપે ખંભાળિયા પ્રાંત અધિકારી પાર્થ કોટડીયાના અધ્યક્ષસ્થાને સરપંચઓ અને તલાટી કમ મંત્રીઓની બેઠક મળી હતી.

રવિવારથી ચાતુર્માસ પ્રારંભ

અષાઢ સુદ અગિયારસને રવિવારે તા.૧૦ નાં દિવસે દેવપોઢી એકાદશીનાં દિવસથી ચાતુર્માસનો પ્રારંભ થશે. જે કારતક સુદ અગિયારસને શુક્રવાર તા.૪/૧૧ સુધી ચાતુર્માસ ચાલશે. ચાતુર્માસમાં માનવામાં આવે છે કે, ચાતુર્માસ દરમ્યાન ભગવાન વિષ્ણુ સૃષ્ટિનું સંચાલન ભગવાન શિવને સોંપી અને ક્ષીરસાગરમાં શયન કરવા ચાલ્યા જાય છે. આથી આને ચાતુર્માસ કહેવાય છે.

ચાતુર્માસ દરમ્યાન સાધુ- સંતો ખાસ કરીને વિહાર કરતા નથી અને એક જ જગ્યાએ રોકાઈ અને લોકોને ઉપદેશ આપે છે. ખાસ કરીને ચાતુર્માસ દરમ્યાન આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. ચાતુર્માસ દરમ્યાન રીંગણા, કારેલા તથા લીલા શાકનો ત્યાગ કરવો જોઈએ. તે ઉપરાંત શ્રાવણ મહિનામાં શાક, ભાદરવામાં દહીં, આસો મહિનામાં દૂધનો ત્યાગ કરવાથી આરોગ્ય સારું રહે છે. તા.૨૯ ને શુક્રવાર થી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થશે. આ વર્ષ શ્રાવણ મહિનાનાં પ્રથમ દિવસે શુક્રવાર સવારે ૯:૪૭ સુધી પુષ્પ નક્ષત્ર છે અને પુષ્પ નક્ષત્રને ધર્મ, ધ્યાન, પૂજા, પાઠ, અભિષેક માટે ઉતમ ગણવામાં આવે છે. આમ શ્રાવણ મહિનાનો પહેલો દિવસ પુષ્પનક્ષત્રથી શુભ બનીને રહેશે.

આ વર્ષે શ્રાવણ મહિનો પુરા ૩૦ દિવસનો રહેશે. રક્ષાબંધન તા.૧૧/૮ ને ગુરૂવારે છે. જન્માષ્ટમી તા.૧૯/૮ ને શુક્રવારે છે. તા.૨૭/૮ શનિવારી અમાસનાં દિવસે શ્રાવણ મહિનાની પુર્ણાહુતી થશે.

શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

લેન્ડ ગ્રેબ્રિંગ કેસમાં ચાર્જશીટ બાદ આરોપીના જામીન અરજી નામંજુર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

વાજડી ગઢના લેન્ડગ્રેબ્રિંગ ગુન્હામાં પોલીસ દ્વારા તપાસ પુર્ણ કરી કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ જેના બાદ આરોપી દ્વારા જામીન અરજી કરવામાં આવેલ જે સ્પેશિયલ કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે. આ કેસની હકીક્ત મુજબ ફરિયાદી વાલંજીભાઈ ગમારાએ આરોપી કલ્પેશ બાબુભાઈ ડાંગરનાં પિતા પાસેથી કાયદેસર વેચાણ દસ્તાવેજથી જમીન ખરીદ કરેલ હોય જે પૈકી જમીન પર આરોપી કલ્પેશ ડાંગર એ ગેરકાયદેસર કબજો કરી પચાવી પાડી તે જગ્યા પર ગેરકાયદેસર બાંધકામ ચાલુ કરતા આરોપી સામે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાતા આરોપીની ધરપકડ કરવામાં આવેલ હતો.

આરોપીએ અગાઉ પણ ચાલુ તપાસના કામે જામીન અરજી કરેલ જે નામદાર કોર્ટ દ્વારા જે-તે સમયનાં સંજોગો ધ્યાને લઈ ફગાવી દેવામાં આવેલ હતી. ત્યારબાદ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપીએ હાલની જામીન અરજી દાખલ કરતાં સરકાર પક્ષને કોર્ટ દ્વારા નોટીસ કરવામાં આવેલ હતી.

મુળ ફરિયાદીના એડવોકેટ દ્વારા જામીન અરજી સામે લેખિત વાંધાઓ રજુ કરવામાં આવેલ અને સરકાર પક્ષે ડી.જી.પી. એસ.કે. વોરાએ દલીલ કરેલ હતી અને તપાસ દરમ્યાન પુરતો પુરાવો મળી આવેલ હોય જેથી કોર્ટ આરોપીની જામીન અરજી નામંજુર કરતો હુકમ કરેલ હતો.

આ કેસમાં મુળ ફરિયાદી વતી એડવોકેટ સ્તવન મહેતા, નિકુંજ શુકલ, કૃષ્ન ગોર, બ્રિજેશ ચૌહાણ તથા ત્રિશુલ પટેલ રોકાયેલ હતા તથા સરકાર પક્ષે ડી.જી.પી. એસ.કે. વોરા રોકાયેલ હતા.

એડવોકેટ સ્તવન મહેતા

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

કોડીનાર–સુત્રાપાડામાં આભ ફાટ્યુંઃ ૧૧ ઈંચ

ગયો હોવાથી મોરડિયા અને પેઢાવાળા વચ્ચે ડાઈવર્ઝન કાઢવામાં આવ્યું હતું પણ એ પણ પાણીમાં ગરકાવ થઇ જતા વાહનોના થપ્પા જામી ગયા છે. બંને તરફનો વાહન વ્યવહાર અટકી ગયો છે. અહીં સોમત નદી પરનો જુનો પુલ તોડી નાખી નવો પુલ બનાવવામાં આવી રહ્યો હતો પણ કામ અધૂરું રહ્યું છે. પરિણામે જાન જોખમમાં મૂકીને લોકો આ પુલ પરથી સામેપાર જઈ રહ્યા છે. ગાંધીનગર ખાતે રાજ્યની પુર પરિસ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. તમામ જિલ્લાના કલેકટરને તંત્ર સાવધ રાખવા અને યુધ્ધનાં ધોરણે રાહત અને બચાવની કામગીરી શરૂ કરવા સરકારે આદેશ આપ્યો છે. અનેક સ્થળે હજુ સુધી પાણી ભરાયેલા હોવાથી એનડીઆરએફની ટુકડીઓ મોકલવામાં આવી રહી છે. જામનગર જિલ્લામાં મેઘરાજાની અવિરત કૃપા વરસી રહી છે. ગઈકાલથી આજ સવાર સુધીમાં કલ્યાણપુરમાં ૬, દ્વારકામાં ૪, ખંભાળિયામાં ૩, જામનગરમાં ૨, ધ્રોલમાં સવા બે ઇંચ અને જોડિયામાં ૧ ઇંચ પાણી પડ્યું છે. હાલારનાં પાંચ ડેમોમાં નવા નીર આવ્યા છે. સોનમતી ડેમમાં ૨૪ ફૂટ પાણી થઇ ગયું છે. કબરકા ડેમમાં સાડા ચાર ફૂટ પાણીની આવક થઇ છે. ગડકી ડેમમાં ૧૭ ફૂટ પાણી આવ્યું છે. છેલ્લી માહિતી મુજબ હાલારનાં ૧૦ ડેમોમાં નવા નીરની જોરદાર આવક થઇ ગઈ છે. હજુ અનરાધાર વરસાદ થવાની આગાહી છે. એટલે જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જૂનાગઢ શહેરને પીવાનું પાણી પૂરું પાડતો વિલિંગડન ડેમ ઓવરફ્લો થયો છે. આણંદપુર ડેમ બાદ બીજો ડેમ ઓવરફ્લો થતા શહેરનાં જળસંકટનો અંત આવ્યો છે.(૨.૧૨)

વડાપ્રધાને દેશમાં વિકાસની રાજનીતિનો નવો અધ્યાય શરૂ કર્યોઃ મુખ્યમંત્રી

વડાપ્રધાનને જાય છે. તેમણે કહ્યું હતું કે, શિક્ષણ ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. રાજ્યમાં આદિજાતિઓ, મહિલાઓ, યુવાનો અને ગ્રામીણ ગરીબોનું સશક્તિકરણ થયું છે. સ્ટાર્ટઅપ રેન્કીંગમાં ગુજરાત પ્રથમ છે. ઔદ્યોગિક ઉત્પાદનમાં અગ્રેસર છે. આ પ્રસંગે મુખ્ય સચિવ પંકજ કુમારે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી એ શરૂ કરેલી વિકાસ ગાથાને ભુપેન્દ્રભાઈ પટેલ આગળ વધારી રહ્યા છે. આજે ગુજરાત રોજગારી સર્જન, ઉદ્યોગો, આરોગ્ય, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અવ્વલ નંબરે છે. આ પ્રસંગે અમદાવાદના મેયર કિરીટ પરમાર, સાંસદો ડો.કિરીટ સોલંકી અને હસમુખ પટેલ, ધારાસભ્ય રાકેશ શાહ, મ્યુ.કમિશનર લોચન સહેરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

રાધેકૃષ્ણ સોસાયટીના મકાનો ખાલી કરાવવા બનેલ ખુનના ગુન્હામાં સ્પે. પી.પી. નિમાતા એસ. કે. વોરા

વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલ છે અને ધરપકડ થયેલ તમામ આરોપીઓ હજુ જેલમા છે. ભરત ઉર્ફે ભુરો સોસા ની આગોતરા જામીન અરજી રદ થયા બાદ તેઓ હજુ સુધી નાશતા ફરતા હોય તેથી તેઓને ચાર્જશીટમા નાશતા-ફરતા આરોપી તરીકે દર્શાવવામાં આવેલ છે. આરોપીઓ વિરૂધ્ધ ખુનનો ગુન્હો નોંધાતા આરોપીઓએ સોસાયટીના રહીશો વિરૂધ્ધ તેઓને માર માર્યાનો પણ ગુન્હો નોંધાવેલ હતો. સદર હું ગુન્હામાં પણ તપાસનીશ અમલદારે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલ છે. સરકારે ગુન્હાની ગંભીરતા અને પરિસ્થિતીને ધ્યાનમા લઈ જિલ્લા સરકારી વકિલ સજયભાઈ કે. વોરાને સ્પે. પી.પી. તરીકે નીમેલ છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

મહાનગર મુંબઈ જળબંબોળ, વધુ ૮ ઈંચ વરસાદઃ ચલો એલર્ટ

રેલવેનાં પાટાઓ પર પાણી ફરી વળતા પરા વિસ્તારની ટ્રેનો ધીમી ગતિએ ચાલી રહી છે. પાલઘર વિસ્તારમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મુંબઈમાં જનજીવન બિલકુલ ઠપ્પ થઇ ગયું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યનાં અલગ- અલગ વિસ્તારોમાં પુરામાં ફસાયેલા ૩૫૦૦ થી વધુ લોકોનું સલામત સ્થળાંતર કરવામાં આવ્યું છે. સેન્ટ્રલ રેલવેની સંખ્યાબંધ ટ્રેનો પણ મોડી દોડી રહી છે. પશ્ચિમ રેલવેની તમામ ટ્રેન સેવાઓ યથાવત રહી છે. મુંબઈમાં ચારેતરફ જળબંબાકાર સર્જાયો હોવાથી વાહન વ્યવહાર પણ ઠપ્પ થઇ ગયો છે. બધા અન્ડરપાસમાં પાણી ભરાયા છે એટલે મનપા દ્વારા વરસાદ બંધ થયો હોય ત્યાં ઝડપથી પાણી ઉલેચવાની કામગીરી યુધ્ધનાં ધોરણે કરવામાં આવી રહી છે.(૨.૧૨)

જો કોર્પોરેટર સહિત રાજકીય આગેવાનનો સાથ હોય તો ગેરકાયદેસર બાંધકામ કરવાની છુટ?

સદગુરૂ-૨ માં ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા ટી.પી. શાખા દ્વારા નોટીસ પાઠવી છતાં કોઈ કાર્યવાહી નહીં?

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬ :

રાજકોટમાં છેલ્લા લાંબા સમયથી ગેરકાયદે બાંધકામો અને બાંધકામને લગતી ગેરરીતિઓની છાશવારે લોક ફરિયાદો શહેરનાં અલગ- અલગ ખૂણે આપણા કાને સંભળાતી રહે છે. એવી પણ ગંભીર ફરિયાદો સંભળાતી હોય છે કે આખેઆખા ગેરકાયદે બિલ્ડીંગ બની ગયા છતાં જવાબદાર તંત્ર દ્વારા માત્ર નોટીસ આપીને સંતોષનો ઓડકાર ખાઈ લેવામાં આવે છે અને આગળ કોઈ પગલા લેવાતા ન હોવાથી ગેરકાયદે બાંધકામોનું દુષણ વધુને વધુ વકરી રહ્યું છે. લાગતા વળગતા વિભાગના અમુક અધિકારીઓ અને બિલ્ડરો વચ્ચેની નાક નીચે આવા બાંધકામ પ્રસરી રહ્યા હોવાનું કહેવાય છે. તંત્રનું રહસ્યમય મૌન અને આડું જોઈ જવાની વૃતિ પણ આ દુષણ માટે કારણભૂત હોવાનું કહેવાય છે. સામાકાંઠે રણછોડનગર સદ્‌ગુરૂ-૨માં ચાલતા ગેરકાયદેસર બાંધકામ પાછળ મોટા વગ ધરાવતા રાજકીય નેતા અને

ગેરકાયદે બિલ્ડીંગ બની ગયા છતાં જવાબદાર તંત્ર દ્વારા માત્ર નોટીસ આપીને સંતોષ

ટીપી અધિકારીની સાંઠગાંઠ હોવાનું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે ત્યારે મનપા કમિશનર અને ટીપીના અધિકારીઓ ઘણા દિવસો થઇ ગયા હોવા છતાં કોઇ એક્શન ન લેતા અનેક પ્રશ્નો સર્જાઇ રહ્યા છે.

રાજકોટ શહેરમાં મહાનગરપાલિકાના ટીપી વિભાગની ખાસ ટીમ દ્વારા ગેરકાયદે દબાણો હટાવવા માટે જયારે જયારે કાર્યવાહી શરૂ થાય ત્યારે તેની મસમોટી તસ્વીરો સાથે પ્રેસનોટ પ્રસિધ્ધ કરાતી હોય છે. અને આમ આદમીને એટલે કે શહેરીજનને એવું લાગે છે કે, બહુમોટી કામગીરી કરવામાં આવી છે પરંતુ તસ્વીરો પાછળની જે સચ્ચાઈ છે તેનો આમ જનતાને કદી ખ્યાલ આવતો નથી. શું તોડવામાં આવ્યું, શું હટાવવામાં આવ્યું તેની સાચી હકીકત જો બહાર આવે તો લોકો મોઢામાં આંગળા નાખી જાય. જે કોઈ કાર્યવાહી થાય છે એ મોટાભાગે ગરીબોના ઝુંપડા તોડવાની કાર્યવાહી જ હોય છે. વગદાર યા તો વહીવટ કરવામાં કાબેલ અથવા તો મનપામાં ચોકક્સ જગ્યાએ સંપર્કના પ્લગ ભરાવીને ધાર્યું કરાવી શકતા લોકોના બાંધકામો ગમે તેટલા ગેરકાયદે હોય ત્યાં સુધી ટીપી શાખાના કહેવાતા લાંબા હાથ પહોંચતા નથી અને ભૂલેચુકે પહોંચી પણ જાય તો તે લાંબા હાથને પાછા વાળી લેવામાં આવતા હોવાની ચર્ચાઓ થઇ રહી છે.

લોકોમાં એવી ચર્ચા થઇ રહી છે કે, મોટી વગ ધરાવતા રાજકીય નેતા જ્યાં- જ્યાં મુખ્ય સૂત્રધાર હોય ત્યાંના ગેરકાયદે બાંધકામ તોડવાના ટીપી શાખા આગળ વધતી નથી અને માત્ર કાગળ પર રેકર્ડ રાખવા નોટીસો ફટકારીને સંતોષ માની લેવામાં આવે છે. એવી ચર્ચાએ શહેરમાં જોર પકડ્યું છે. ઘણીવખત લોકો એવું માનવા લાગ્યા છે કે, શક્તિશાળી ટીપી શાખા ત્રણેય ઝોનમાં ગરીબ અને નબળા વર્ગના ઝુંપડા તોડી પડાય છે પરંતુ મોટા માથાઓના કે રાજકીય વગ ધરાવનારાઓના ગેરકાયદે બાંધકામો તોડવામાં કોઈ આગળની કાર્યવાહી કરાતી નથી. આવા બાંધકામ કરનારાઓ સુધી નોટીસો પહોંચે છે પણ બુલડોઝર પહોંચતા નથી. એ લોકોએ સામાકાંઠે રણછોડનગર સદ્‌ગુરૂ-૨માં મોટાપાયે ગેરકાયદે બાંધકામો થયા છે અને થઇ રહ્યા છે છતાં નોટીસ સિવાય કોઈ કાર્યવાહી થઇ નથી. નોટીસ અને વિજીલન્સ તપાસનાં આદેશ છતાંય આશ્ચર્યજનક રીતે અવિરત ગેરકાયદે બાંધકામો ખડા કરવામાં આવી રહ્યા છે. કોઈ મોટી રાજકીય વગને કારણે જ આવું શક્ય બને એવી લોકોમાં જોરશોરથી ચર્ચા છે. સામાકાંઠે રણછોડનગર સદ્‌ગુરૂ-૨માં ચાલતા ગેરકાયદેસર બાંધકામ પાછળ એક કોર્પોરેટરની ભુંડી ભુમીકા હોવાનું પણ ચર્ચાઇ રહ્યું છે. ગરીબોના ઝુંપડા તોડી પાડવા માહિર તંત્ર દ્વારા ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા વાંધો શું?? ભારે ચર્ચાઓ થઇ રહી છે.

તંત્ર દ્વારા નોટિસ પાઠવવા છતાં ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા વાંધો શું?? ભારે ચર્ચા

ટીપી અધિકારી વિપુલ મકવાણા દ્વારા નોટીસ પાઠવાઈ છતાં આજ સુધી કોઇ નક્કર કાર્યવાહી કેમ નહીં...?

સામાકાંઠે રણછોડનગર સદ્‌ગુરૂ-૨માં ચાલતા ગેરકાયદેસર બાંધકામ પાછળ મોટા વગ ધરાવતા રાજકીય નેતા અને ટીપી અધિકારીની સાઠગાઠ હોવાનું લોકોમાં ચર્ચાઇ રહ્યું છે ત્યારે મનપા કમિશનર અને ટીપીના અધિકારીઓ ઘણા દિવસો થઇ ગયા હોવા છતાં કોઇ એક્શન નથી લેવાયા ત્યારે તે વિસ્તારના ટીપી અધિકારી વિપુલ મકવાણાના જણાવ્યા અનુસાર ગેરકાયદેસર બાંધકામ અંગે બે બે વખત નોટીસ પાઠવવામાં આવી છે અનેક અનેક વખત બાંધકામ રોકવામાં આવ્યું છે છતા પણ તે બાંધકામ રોકી શકાયુ નથી અને કલર કામ પણ કરી દેવામાં આવ્યું છે. શું વિપુલ મકવાણાને પણ કાર્યવાહી કરતા રોકવામાં આવી રહ્યા છે કે પછી તેને પણ કોઇ કાર્યવાહી ન કરવાના કંઇ ખેલ પાડ્યો હશે તેવુ ચર્ચાઇ રહ્યું છે. વિપુલ મકવાણાએ જણાવ્યું હતું કે આ ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા માટે રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા આગામી સમયમાં કાર્યવાહી કરવામાં આવશે પણ કાર્યવાહી ક્યારે થશે તે હજુ સુધી સ્પષ્ટ કરાયું નથી..!

શહેર ભાજપ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના જન્મ દિવસ અંતર્ગત પુષ્પાંજલિ અર્પણ કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

જનસંઘના સ્થાપક પ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શક રાષ્ટ્રને સમર્પિત એવા પ્રખર રાષ્ટ્રભક્ત ડો.શ્યામાપ્રસાદ મુખર્જીના જન્મદિવસ અંતર્ગત શહેર ભાજપ કમલેશ મિરાણીની આગેવાનીમાં દ્વારા. ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની પ્રતિમા, આર્ટગેલેરી, રેસકોર્ષ ખાતે ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તકે કમલેશ મિરાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, ઉદય કાનગડ, ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, રક્ષાબેન બોળીયા, ડો.દર્શીતાબેન શાહ, ભાનુબેન બાબરીયા, વિનુભાઈ ઘવા, રાજુભાઈ બોરીચા સહિતના સાથે બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શહેર ભાજપ કોષાધ્યક્ષ અનીલભાઈ પારેખ અને કાર્યાલય મંત્રી હરેશ જોષીએ જહેમત ઉઠાવી હતી.

આજી ડેમ પાસે અર્બન ફોરેસ્ટ રામ વનની મુલાકાત લેતા મ્યુનિ. કમિશનર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

આજે તા.૬ નાં રોજ મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ રામ વન અર્બન ફોરેસ્ટની મુલાકાત કરી હતી. જેમાં મ્યુનિ. કમિશનરએ લોકોને વિવિધ સુવિધા મળી રહે તે માટે સુચનો કર્યા હતા.

લુહાર વિશ્વકર્મા સમાજનું આસ્થાનું કેન્દ્ર આટકોટ સતી લોચણ માતાજીના મંદિરે ધર્મસભા યોજાઈ

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૬

લુહાર વિશ્વકર્મા સમાજનું આસ્થાનું કેન્દ્રમાં સતી લોચણ માતાજીના મંદિર આટકોટ ખાતે યોજાયેલી ધર્મસભામાં બિલખાની હિન્દુ લુહાર દીકરીને વિધર્મી શખ્સ અપહરણ કરી જવાની ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી.

લુહાર સમાજના આસ્થાનું કેન્દ્ર ધર્મનગરી આટકોટ ખાતે સમગ્ર દેશમાંથી પધારેલા લુહાર પંચાલ વિશ્વકર્મા સમાજના આગેવાનોની હાજરીમાં વિશાળ ધર્મ સભા યોજાઈ હતી આ ધર્મ સભામાં મહામંડલેશ્વર શ્રી હરિહરાનંદ ભારતીજી મહારાજ ખાસ હાજરી આપી આશ્રીવચન પાઠવ્યા હતા. લુહાર પંચાલ વિશ્વકર્મા સમાજના ભામાશા ગણાતા પરસોતમભાઈ પિત્રોડા દાસ કાકા તરીકે જાણીતાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ ધર્મ સભામાં અતિથિ વિશેષ પદે અખિલ ભારતીય વિશ્વકર્મા મહાસભાના રાષ્ટ્રીય અગ્રણી અને ગુજરાત પ્રદેશના મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, અમદાવાદના ઉદ્યોગપતિ નાથાભાઈ પિત્રોડા, જસદણ આટકોટના પ્રમુખ જે.પી રાઠોડ, ચંદ્રકાંતભાઈ ચુડાસમા આણંદ. કમલેશભાઈ લુહાર, કાંતિભાઈ પીઠવા, હસમુખભાઈ સોલંકી, વલ્લભભાઈ હંસોરા, યોગેશભાઈ સોલંકી, વિનુભાઈ

ઢસાવાળા, ગોપાલભાઈ મારુ મોરબી, પરેશભાઈ દાવડા રાજકોટ, પ્રવીણભાઈ મકવાણા લીલીયા વગેરેની હાજરીમાં ધર્મ સભા યોજાઈ હતી. લુહાર સમાજના અગ્રણી એવા વિનુભાઈ ડોડીયા ઢસાવાળા, કિશોરભાઈ પરમાર ઢસા, બકુલભાઈ પરમાર જસદણ, હિરેનભાઈ પરમાર, અરવિંદભાઈ ચૌહાણ, હરેશભાઈ દાવડા, અશોકભાઈ રાઠોડ, શાંતિભાઈ રાઠોડ, સ્વ.નારણભાઈ ડોડીયા પરિવાર ભરતભાઈ મકવાણા જયંતીભાઈ પરમાર ડોડીયાળા વાળા રામજીભાઈ પરમાર રમેશભાઈ ડોડીયા વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમજ પ્રાર્થના વિજયભાઈ રાઠોડએ સૌનો શબ્દોથી સ્વાગત કર્યું હતું.

ખંભાળીયાના બેહ-બારા ગામે આવેલ ઢાંઢાવાળી નદીના પટમાંથી કરાયું રેસ્કાયુ

આરોગ્ય કર્મી અટવાઈ જતા કલાકોની જહેમત બાદ બચાવ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

જામખંભાળીયા, તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દ્વારકા જિલ્લામાં હાલ ભારે વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે બેહ અને બારા ગામ વિસ્તારમાં ભારે વરસાદ થયો હતો. માત્ર બે કલાકમાં ચાર થી છ ઇંચ જેટલો વરસાદ ખાબકતા સ્થાનિક નદી નાળાઓમાં પાણીના પૂર જોવા મળ્યા હતા. જેમાં ઢાંઢાવાળી નદીમાં ભારે પુર આવ્યો હતો. ખંભાળીયા તાલુકાના બેહ-બેરાજા આરોગ્ય સેન્ટરમાં કામ કરતા કર્મી આજરોજ બપોરના સુમારે બારા આરોગ્ય પ્રાથમિક કેન્દ્ર તરફથી બેહ આવી રહ્યા હતા ત્યારે બેહ-બારા ગામ વચ્ચે આવતી ઢાંઢાવાળી નદીના પટમાં પાણીના પ્રવાહમાં અટવાઈ ગયેલ આ બાબતે જુંગીવારા ધામે જતા વટેમાર્ગુને જાણ થતાં ગ્રામજનોને જાણ કરવામાં આવતા બેહ ગામના સરપંચ પ્રવીણભાઈ ગઢવી સહિત આગેવાનો દ્વારા ટ્રેક્ટર, નાળા લઈ સ્થળે પહોંચ્યા હતા અને ગ્રામજનોની કલાકો જહેમત બાદ આરોગ્ય કર્મીને સહી સલામત બચાવી લેવાયો હતો.

આમ જિલ્લા કન્ટ્રોલ રૂમને પણ સ્થાનિકો દ્વારા જાણ કરવામાં આવી હતી. પરંતુ સ્થાનિક ફાયરની ટીમ અડધા રસ્તે પહોંચે તે પહેલાં જ ગ્રામજનો દ્વારા કલાકોની જહેમત બાદ બચાવ કામગીરી હાથ ધરીને આરોગ્ય કર્મી અક્ષયભાઈને હેમખેમ બચાવી લેવાયો હતો. અક્ષયભાઈ સાથે વાતચીત કરતા જણાવાયું હતું કે, બારા આરોગ્ય સબ સેન્ટરથી બેહ તરફ જતા સમયે આ બનાવ બનેલ કલાકોની જહેમત બાદ બેહ ગ્રામ પંચાયતના સરપંચ પ્રવીણભાઈ ગઢવી સહિત ગ્રામજનો દ્વારા જહેમત ઉઠાવતા નવું જીવનદાન મળ્યું હતું.

૬.૫ કિલો ગાંજા સાથે પકડાયેલ આરોપીના જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

શાપર પાસે આવેલા પડવલા ગામ પાસેથી ૬.૫ કિલો ગાંજા સાથે ઝડપાયેલા આરોપીને જામીન મુક્ત કરવા અદાલતે હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ એસ.ઓ.જી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન પડવલા ગામ પાસેથી બાઈક સવાર બેલડી ગાંજાનો જથ્થો લઈને નીકળવાની હોવાની બાતમી મળતા એસ.ઓ.જી. પોલીસ સ્ટાફ વોચમાં ગોઠવાયો હતો જે દરમિયાન બાઈક લઈને નીકળેલા વડાળી ગામના ભરત રાજાભાઈ મેર

એડવોકેટ: રણજીત પટગીર

અને શાપરના પાંચાભાઇ કડવાભાઈને એસોજી પોલીસે ૬.૫ કિલ્લો ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધા હતા. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી જેલવાલે કર્યા હતા. જેલ હવાલે રહેલા બંને આરોપીએ જામીન મુક્ત થવા પોતાના એડવોકેટ મારફતે સ્પે. એન.ડી.પી.એસ. કોર્ટમાં જામીન અરજી કરી હતી જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ આરોપીઓના બચાવ પક્ષના વકીલની દલીલો ગ્રાહ્ય રાખી બંને આરોપીઓને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે. આ કેસમાં રાજકોટના યુવા એડવોકેટ રણજીત એમ. પટગીર, સાહિસ્તાબેન ખોખર, મિતેષ એચ. ચાનપુરા અને પ્રહલાદસિંહ બી. ઝાલા રોકાયા હતા.

શહેર ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા વોર્ડ નં. ૫ માં સદસ્યતા અભિયાન યોજાયું

ભારતીય જનતા પાર્ટી
રાજકોટ મહાનગર
બક્ષીપંચ મોરચો
સદસ્યતા અભિયાન-૨૦૨૨

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગદર્શન હેઠળ વિવિધ મોરચા અને સેલ દ્વારા પ્રાથમિક સદસ્યતા અભિયાનની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. તે અંતર્ગત શહેરના વોર્ડ નં.૫ ખાતે શહેર ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા સદસ્યતા અભિયાન યોજાયેલ હતું. આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, પ્રદેશ ભાજપ ઉપપ્રમુખ ડો. ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ મહામંત્રી કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, કલ્પનાબેન કીયાડા, અશોક લુણાગરીયા, લલીત વાડોલીયા, જે.પી. ધામેચા, રત્નાભાઈ રબારી, નીલેશ જલુ, દિલીપ લુણાગરીયા, ભરત કુબાવત, વલ્લભભાઈ દુધાત્રા, જે.ડી. ભાખર, દિલીપ બોરીચા, જગદીશ પીઠવા, નીલેશભાઈ ગઢવી, જગદીશ સરેરીયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો

મો.9429787729

email:-saurashtrakranti@gmail.com

પુસ્તક પરબનો ૧૦મો મણકો સંપન્ન

સાહિત્ય સેતુ દ્વારા વાંચન પ્રવૃતિને વેગ આપવાના પ્રયાસને પુસ્તકપ્રેમીઓએ વધાવ્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્ય સેતુ સંસ્થા દ્વારા વાંચન પ્રવૃતિને વેગ આપવા ઓકટોબર માસથી શરૂ કરવામાં આવેલ સાહિત્ય પ્રેમી રસિકભાઈ મહેતા પુસ્તક પરબનો ૧૦મો મણકો ગત રવિવારે પ્રબુધ્ધ નાગરિકો, ભાવિકો, વાંચકોની બહોળી ઉપસ્થિતિમાં ઉમળકાભેર સંપન્ન થયો હતો. પુસ્તકપ્રેમીઓએ પુસ્તક પરબને હોંશે હોશે વધાવેલ હતું.

અહીં સંસ્થાને ભેટમાં મળેલા અંદાજે પાંચ હજાર જેટલા પુસ્તકોમાં ધાર્મિક, આધ્યાત્મિક, ચિંતનાત્મક, પ્રયાસ, આરોગ્ય, ઈતિહાસને લગતા વિવિધ શૃંખવામાં પુસ્તકોને વાંચન પ્રેમીઓ માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે.

સમગ્ર આયોજનની સફળતા માટે અનુપમ દોશી, જનાર્દન આચાર્ય, પંકજ રૂપારેલીયા, સુધીર દતા, નૈષધભાઈ વોરા, હસુભાઈ શાહ, પ્રકાશ હાથી, પરિમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, ચેતન મહેતા, ગુણેન્દ્ર ભાડેલીયા કાર્યરત રહ્યા હતા.

હવે ધો.૯ થી ૧૨ માં વર્ષ ૨૦૧૯-૨૦ ની પરીક્ષા પધ્ધતિ અમલમાં

મહામારીને પરિણામે ૩૦ ટકા એમસીક્યૂ કરાયા પરંતુ હવે ૨૦ ટકા એમસીક્યૂ પ્રશ્નો પૂછાશે

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૬

રાજયભરમાં શૈક્ષણિક વર્ષ શરૂઆત થઈ ચૂકી છે. નવા વર્ષની શરૂઆત થતાં નિયમોમાં પણ ઘણાખરા અંશે ફેરફારો જોવા મળેલ છે. કોરોના મહામારીને પરિણામે વિદ્યાર્થીઓ માટે પરીક્ષાલક્ષી નિયમોમાં કેટલાક અંશે ફેરફારો કરાયા હતા. ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓની પરીક્ષા પધ્ધતિ હળવી કરવામાં આવી હતી. ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ૩૦ ટકા એમસીક્યૂ અને ૭૦ ટકા જેટલા વર્ણનાત્મક પ્રશ્નોતરીના ગુણ હતા. પરંતુ હવે કોરોનાની સ્થિતિ હળવી થતાની સાથે જ જૂની વર્ષ-૨૦૧૯-૨૦ માં ચાલતી પરીક્ષાશૈલી મુજબ ૨૦ ટકા એમસીક્યૂ અને ૮૦ ટકા વર્ણનાત્મક પ્રશ્નોતરી મુજબ કરવામાં આવી છે. તેમજ જનરલ ઓપ્શન પણ હવે નહીં પૂછાય.

કોરોના મહામારીને પરિણામે ધો.૯ થી ૧૧ના વિદ્યાર્થીઓને બે વર્ષ સુધી માસ પ્રમોશન આપવામાં આવ્યું તેમજ ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને પણ ગત વર્ષે માસ પ્રમોશનથી ઉત્તીર્ણ કરાયા હતા. પરંતુ ચાલુ વર્ષે ધો.૯ થી ૧૨ ની વાર્ષિક પરીક્ષા યોજવામાં આવી હતી; તેમાં પણ કોઇ કારણોસર ફિઝિકલ શિક્ષણકાર્ય પૂર્ણ ન થતા અભ્યાસક્રમમાં ઘટાડાની માંગ ઉઠી હતી.

હાલ સ્થિતિ હળવી થતાં વર્ષ ૨૦૧૯-૨૦ માં નવી પરીક્ષા પધ્ધતિ અમલમાં આવી હતી. જેમાં ૨૦ ટકા એમસીક્યૂ અને ૮૦ ટકા વર્ણાત્મક પ્રશ્નોતરીની જોગવાઇ કરાઇ.

હાલ બોર્ડ દ્વારા પરિપત્ર કરાયો છે કે, ધો.૯ થી ૧૨ માં વર્ષ ૨૦૧૯-૨૦ માટે તૈયાર કરાયેલ પ્રશ્નપત્ર પ્રમાણે જ ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રો વર્ષ ૨૦૨૨-૨૩ની પરીક્ષાઓમાં લાગુ થશે.

શ્રી શાલીભદ્ર સરદારનગર ઉપાશ્રય ખાતે

બા.બ્ર.પૂ. હિરાબાઈ મહાસતીજી આદિ સતિવૃંદનો સુવર્ણ જયંતિ ચાતુર્માસ મંગલ પ્રવેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ગોંડલ સંપ્રદાયના શાસન ચંદ્રિકા ગુરુણીશ્રી બા.બ્ર.પૂ. હિરાબાઈ મહાસતીજી, તત્વચિંતક બા.બ્ર.પૂ. જ્યોતિબાઈ મહાસતીજી, તત્વપ્રેમી બા.બ્ર.પૂ. જશુબાઈ મહાસતીજી, સેવારત્ના બા.બ્ર.પૂ. ઉષાબાઈ મહાસતીજી, દિર્ઘ તપસ્વીરત્ના અને પ્રવચન પ્રભાવક બા.બ્ર.પૂ. સ્મિતાબાઈ મહાસતીજી આદી ઠાણા -૫ સુવર્ણ જયંતિ ચાતુર્માસ મહોત્સવનું સુમંગલ સાનિધ્ય શોભાવશે.

શ્રી સ્થાનકવાસી જૈન સંઘના ઇતિહાસમાં આપણે સૌપ્રથમવાર એવા પ્રસંગના સાક્ષી બનવા જઈ રહ્યા છીએ. જેમાં શ્રી સરદારનગર ઉપાશ્રય ૧૯૭૩ માં નિર્માણ થયા બાદ પ્રથમ ચાતુર્માસ પૂ. હિરાબાઈ મહાસતીજીનું, ત્યારબાદ ૨૫ મુ ચાતુર્માસમાં પણ પૂ. હિરાબાઈ મહાસતીજી અને હાલમાં ૫૦ મું ચાતુર્માસ પણ ગોંડલ સંપ્રદાયના શાસન ચંદ્રિકા ગુરૂણીશ્રી બા.બ્ર.પૂ. હિરાબાઈ મહાસતીજી સરદારનગર ઉપાશ્રયે ૫૦ માં વર્ષની તપ, ત્યાગ અને ધર્મકરણીથી ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવા પધારી રહ્યા છે

સંઘ પ્રમુખ શ્રી હરેશભાઇ કાંતિલાલ પ્રેમચંદ વોરાના નિવાસસ્થાન અરિહંત, ૨૭ /ન્યુ જાગનાથ, ખાતે તા.૭ ને ગુરૂવારે સવારે ૭.૩૦ થી ૮ પ્રાર્થના, ૮ થી ૯ નવકારશી, ૯ કલાકે સ્વાગત યાત્રા, ૯:૩૦ કલાકે શ્રી સરદારનગર ઉપાશ્રયે ચાતુર્માસ મંગલ પ્રવેશ કરશે. આ સુવર્ણ અવસરે પૂ.શાસનચંદ્રિકા ગુરુણીશ્રી હીરાબાઈ મહાસતીજી આદિ સતીવૃંદના ચાતુર્માસના મંગલ પ્રવેશ વિહાર યાત્રામાં પધારી જિન શાસનની શાન વધારી ઉપાશ્રય મંગલ પ્રવેશના મંગલ વધામણા અર્પણ કરી સરદરનગર શ્રી સંઘનાં સુવર્ણ જયંતિ વર્ષ ૫૦ માં ચાતુર્માસ પણ ઐતિહાસિક સાક્ષી બનવા અવશ્ય પધારવા શ્રીસંઘનું ભાવભીનું આમંત્રણ છે. ચાતુર્માસમાં અનેકવિધ વિધ કાર્યક્રમનાં આરાધના સહિત કરવાને કરાવવા જરૂર પધારશો. આ પ્રસંગે બૃહદ રાજકોટ, ગોંડલ, જામનગર આદિ સૌરાષ્ટ્ર, મુંબઈ અને વિવિધ ક્ષેત્રોમાંથી ભાવિકો પધારશે. તેમ જણાવ્યું છે.

ખંડણી માંગવાના ગુન્હામાં આરોપીનો જામીન ઉપર છુટકારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

આ ફરિયાદી અશોક મોહનભાઈ પટેલ રહે. ટંકારા, જી.મોરબી વાળાએ ટંકારા પોલીસ સ્ટેશનમાં આરોપી હર્ષિત બેચરભાઈ પટેલ વગેરે બે આરોપીઓ વિરૂધ્ધ ખંડણી માંગી અને ન આપીતી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ટંકારા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ. ફરિયાદી પોતાના ઘરે હતા ત્યારે તેમને અજાણ્યા નંબર ઉપરથી ફોન આવેલ અને જણાવેલ કે, સાજના સાત વાગ્યા પહેલા રૂપિયા પાંચ લાખ મારવાડી

એડવોકેટ: અમીત જનાણી

કોલેજ સામે ગોળ ભુંગરૂ છે ત્યાં પહોંચાડી દેજે નહીંતર તારો છોકરો જે આર્શ વિધાલયમાં ભણે છે તેને જાનથી મારી નાખીશ જેથી તેઓએ ટંકારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ.

ત્યારબાદ કોર્ટમાં ચાર્જશીટ થઈ જતા આરોપી હર્ષિત બેચરભાઈ પટેલે મોરબી સેસન્સ કોર્ટમાં જમીન અરજી દાખલ કરેલ. જેમાં બચાવ પક્ષે દલીલમાં જણાવેલ કે, હાલનો બનાવ સાવ ખોટી ઉપજાવી કાઢેલ છે તેમજ હાલના કામે તપાસ પૂર્ણ થઈ ગયેલ છે. જે દલીલોને ધ્યાને લઈ અદાલતે આરોપીને શરતી જામીન ઉપર મુક્ત કરવા હુકમ ફરમાવેલ હતો.

આ કેસમાં હર્ષિત બેચરભાઈ પટેલ વતી એડવોકેટ અમીત એન જનાણી, જીતેન્દ્રસિંહ વી. પરમાર, ઈકબાલ થૈયમ તથા મોરબીના ફેનીલ ઓઝારોકાયેલ હતા.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા દાતાઓના સહયોગથી ૧૩ ચેકડેમોનો જીર્ણોદ્ધાર

રાજકોટ જિલ્લાના પ૯૪ ગામોમાં 3000 થી વધુ ચેકડેમો તૂટેલા!

'સૌરાષ્ટ્ર ક્રાંતી'કાર્યાલયની મુલાકાતે પધારેલા ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઇ સખીયા તેમજ કમિટીના સભ્યો દિનેશભાઇ પટેલ, ભૂપતભાઇ કાકડીયા, વિઠ્ઠલભાઇ, માધવજીભાઇ પાંભર, લક્ષ્મણભાઇ શિંગાળા, મનીષભાઇ માયાણી, અશોકભાઇ મોલીયા, રતીભાઇ ઠુંમર અને ભરતભાઇ પીપળીયા તસવીરમાં નજરે પડે છે.

નવો ચેકડેમ બનાવવા માટે રૂા.૫૦ લાખનો ખર્ચ થાય, પણ સમયાંતરે જાળવણી કરાય તો દાયકાઓ સુધી ટકી શકેઃ પ્રમુખ દિલીપ સખિયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૬

હાલમાં વિશ્વમાં સૌથી મોટી સમસ્યા કોઈ હોય તો પાણીની સમસ્યા છે. હવે પછી જો ત્રીજુ વિશ્વયુદ્ધ થશે તો પાણી માટે થશે. આજે પશુ - પક્ષી, જીવજંતુ, માનવ જાતને જો બચાવવી હોય તો સૌથી પહેલાં ખેતી બચાવવી પડ્યું અને ખેતીને બચાવવા માટે પાણી બચાવવું અતિ જરૂરી છે. પરંતુ સરકાર દ્વારા બંધાયેલા રાજકોટ જિલ્લાના 3000 થી વધુ ચેકડેમો તૂટી ગયા હોઇ તેની પાણી સંગ્રહ ક્ષમતા વધારવાના નિષ્ઠાપૂર્વકના પ્રયાસો જરૂરી બની ગયા હોવાનું ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખિયાએ જણાવીને ઉમેર્યું છે કે, સામાન્ય રીતે નીચેથી, વચ્ચેથી કે સાઈડમાં થોડો તૂટી જવાથી આખો ડેમ નકામો બની જતો હોય છે. ગમે તેટલો વરસાદ પડે પણ ડેમમાં એક ટીપું પાણી રહેતું નથી. ઘણા ચેકડેમોમાં વધુ વરસાદથી ખેતરોની ધોવાયેલ માટી ભરાઈ જતી હોવાથી પાણીની સંગ્રહ ક્ષમતા ઘટી ગઈ છે. અને પાણી તળમાં ઉતરતું નથી. આવા ચેકડેમોમાંથી માટી કાઢીને ખેડૂતોને મળે તો તેમની જમીનમાં ફળદ્રુપતા વધે છે અને ડેમમાં પાણીની ક્ષમતામાં વધારો થાય છે.

વર્ષો પહેલાના જૂના ઓછી ઊંચાઈ વાળા ચેકડેમોની પાણીની ક્ષમતા ઓછી છે તો સામાન્ય રીતે તે ચેકડેમોની એકથી બે ફૂટ પાળીની ઊંચાઈ વધારવામાં આવે તો ડેમમાં પાણીની ક્ષમતા હોય તેનાથી ડબલ થઈ જતી હોય છે. આવા સમયે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખિયા અને તેમની ટીમ દ્વારા ચેકડેમ જીર્ણોધ્ધાર કરવાનું નક્કી કરેલું છે. કે જેનાથી ગુજરાતના ખેડૂતોની ખેતીની આવક વધી જશે, પ્રકૃતિનું રક્ષણ થશે અને દરેક જીવોની સુરક્ષા થશે. તેમણે સર્વે કરવા સાથે જણાવ્યું છે કે, સૌથી પહેલા રાજકોટ જિલ્લાના ૫૯૪ ગામોની અંદર લગભગ 3000 થી વધારે ચેકડેમો તૂટેલા છે. જે ચેકડેમોને રિપેરિંગ કરવા, ઊંચા લેવા તેમજ ઊંડા કરવાની જરૂર છે. જેની દાતાઓના સહયોગથી શરૂઆત કરી છે.

ચોમાસા પહેલા ભીખાભાઈ વિરાણીના સહયોગથી વાજડી ગામની નદી પર ૨ ચેકડેમ તેમજ જેતાકૂબા ગામમાં ૫ ચેકડેમ ઊંચા લેવા - ઊંડા ઉતારવા અને રીપેરીંગ કરવાનું કાર્ય પૂર્ણ થયું છે. જેના ખાતમુહૂર્તમાં ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, જેતાકુબા ગામે ડો. પ્રકાશભાઈ મોઢા, મોટામવા ગામના સરપંચ તેમજ માર્કેટિંગ યાર્ડના ડિરેક્ટર વિજયભાઈ કોરાટ, નારણભાઈ લુણાગરિયા, કિશોરભાઇ કાથરોટીયા, ડો. પરમાર, દિનેશભાઈ ખૂંટ તેમજ રતિભાઈ ખૂંટ ખાતમુહૂર્તમાં અલગ અલગ ડેમોમાં ઉપસ્થિત રહ્યા હતા. જયારે માધવજીભાઈ પાંભરના સહયોગથી ઇટાળા ગામમાં ૩ ચેકડેમ રિપેરિંગ કરેલ છે. જે ચેકડેમોના ખાતમુહૂર્તમાં રા.લો. સંઘના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, ગિરિરાજ હોસ્પિટલના માલિક રમેશભાઈ ઠક્કર, સહકારી મંડળીના પ્રમુખ બકુલસિંહ જાડેજા, સરપંચ પ્રવીણભાઈ વેકરીયા તેમજ લાખાભાઈ ચોવટીયા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે પ્રકાશભાઈ કનેરિયા

વાજળી, ઈટાળા, ખીજડીયા, દેવગામમાં ચેકડેમના રીપેરીંગ, ઉંચા લેવા અને ઉંડા ઉતારવાથી હાલ કરોડો લિટર પાણીનો થયો સંગ્રહ

(માધવબાગ) ના સહયોગથી દેવગામમાં ૧ ચેકડેમ તથા રવિભાઈ પોપટાણીના સહયોગથી ખીજડીયામાં ૨ ચેકડેમ રિપેરિંગ કરેલ છે. આમ શ્રી રાધે બોરવેલના ધનજીભાઈ ગમઢા તેમજ અન્ય નાના - મોટા દાતાઆના સહયોગથી કૂલ ૧૩ ચેકડેમોનો જીર્ણોધ્ધાર કરેલ છે. જેમાંથી આજે અડધાથી વધુ ચેકડેમોમાં કરોડો લિટર પાણીના જથ્થાનો સંગ્રહ થઈ ગયો છે.

જર્જરીત ચેકડેમને નવો ચેકડેમ બનાવવા ૫ થી ૫૦ લાખ રૂપિયા જોઈએ. પણ તેને સમયસર રીપેરીંગ કરાય તો નજીવા ખર્ચે ચેકડેમને બચાવી શકાય છે. વર્ષે લગભગ પાંચથી સાત વાર ડેમ ભરાય તો આખા વર્ષમાં પાણીની કોઈ દિવસ તંગી પડતી નથી. પાણી બચાવવાથી સંપૂર્ણ પ્રકૃતિની રક્ષા થાય છે. જિલ્લાના દરેક ગામના લોકો - આગેવાનોને વિનંતી છે કે પોતાના ગામમાં તૂટેલા, માટી ભરાયેલા કે ઊંચા લેવા પડે તેવા ચેકડેમ હોય તો તેની યાદી ૯૪૦૯૬૯૨૬૯૩ પર પહોંચાડવી. જેને દાતાઓના સહયોગથી રીપેરીંગ કરાશે. આ સાથે ગામ લોકો, ધાર્મિક સંસ્થાઓ, ફેક્ટરી માલિકો, બિઝનેસમેનો, સહકારી સંસ્થાઓ તેમજ ગામડામાંથી મોટા શહેરો કે વિદેશોમાં વસતા સુખી સંપન્ન પરિવારોને પોતાના જ ગામમાં સેવા કરવાનો મોકો છે અને દાતાઓ મદદ કરવા માટે સિમેન્ટ, રેતી, કપચી, ટ્રેક્ટર તેમજ લોખંડ દ્વારા સહયોગ આપી શકે છે. જેનાથી ગામની ખેતી, પશુ, પક્ષી અને પ્રકૃતિને બચાવવાનું મોટું કામ થશે.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટની આ ઝુંબેશથી માત્ર રાજકોટના નહીં પરંતુ આખા ગુજરાત અને ભારતમાં બધા લોકોને ફાયદો થશે. આ ઝુબેશ ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખિયા તેમજ કમિટીના સભ્યો દિનેશભાઈ પટેલ, ભુપતભાઈ કાકડીયા, વિઠ્ઠલભાઈ બાલધા, માધવજીભાઈ પાંભર, લક્ષ્મણભાઈ શિંગાળા, મનિષભાઈ માયાણી, અશોકભાઈ મોલિયા, રતિભાઈ ઠુંમર તેમજ ભરતભાઈ પીપળીયાના સહકારથી સાર્થક કરી રહ્યા છે.

ગાંધીનગરના કમલમ કાર્યાલયે પ્રદેશ યુવા મોરચાની બેઠક યોજાઈ

કાલથી ભાજપનું બુથ લેવલે સદસ્યતા અભિયાન

જૂનમાં ૩૯૨ રકતદાન કેમ્પ યોજાયા, જુલાઈમાં ૨૦૦ કેમ્પ યોજવાનો લક્ષ્યાંક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
ગાંધીનગર, તા.૬

કમલમ કાર્યાલય ખાતે પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો. પ્રશાંત કોરાટની અધ્યક્ષતામાં અને પ્રદેશમંત્રી અને યુવા મોરચાના પ્રભારી પંકજભાઇ ચૌધરીની વિશેષ ઉપસ્થિતિમાં આગામી કાર્યક્રમો સંદર્ભે યુવા મોરચાની બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં યુવા મોરચાની પ્રદેશ ટીમ યુવા મોરચાના જિલ્લાના પ્રભારી, યુવા મોરચાના જિલ્લા પ્રમુખો અને મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડો.પ્રશાંતભાઇ કોરાટે સંબોધનમાં જણાવ્યું હતું કે, તા.૨૩ થી ૩૦ જૂન દરમ્યાન ડો.શ્યામાં પ્રસાદ મુખર્જીની જન્મ જંયતી દિવસ નિમિતે સમગ્ર ગુજરાતની અંદર ૩૯૨ રક્તદાન કેમ્પ કરીને માત્ર એક સપ્તાહની અંદર ૩૭ હજાર જેટલી રક્ત યુનિટ એકત્રિત કર્યું હતું. જુલાઈ મહિનાની અંદર ૨૦૦ જેટલા કેમ્પ ભારતીય જનતા યુવા મોરચાના કાર્યકરો હાથ ધરવાના છે.

ભારતીય જનતા પાર્ટીના ચાલી રહેલા સદસ્યતા અભિયાન અંતર્ગત ભાજપ યુવા મોરચાના કાર્યકરો વિસ્તારમાં રહેતા પ્રતિભાશાળી યુવાનો કોઇ રમતવિર હોય કે સંગીતાકાર હોય કે ઉદ્યોગ કરતા હોય કે કોઇ ધોરણ ૧૨માં સારા ગુણ મેળવ્યા હોય તેવા યુવાનોને મળી ભારતીય જનતા પાર્ટીની સરકારની વાત કરીને પ્રાથમિક સદસ્યતા બનાવવાનું કામ હાથ ધરશે.

તા.૭ થી ૧૬ જૂલાઇ સતત ૯ દિવસ યુવા મોરચાના કાર્યકરો નવા સદસ્યતા બનાવવા માટે થઇને ૭ જૂલાઇ થી ૧૦ જૂલાઇ સુધી યુવા મોરચાના કાર્યકરો પોત પોતાના બુથમાં જઇને નવા પચાસ સભ્ય બુથની અંદર બનાવીને તેમને સદસ્યતા અભિયાન અંતર્ગત સદસ્ય બનાવશે. ત્યારબાદ તા.૧૦ થી લઇને તા.૧૩ સુધી દરેક સ્કુલ કોલેજ હોસ્ટેલ, ટ્યુશન કલાસીસ જયા નવા યુવાનો કે જેઓની ઉંમર ૧૮ વર્ષથી લઇ ૨૫ વર્ષની છે તેવા યુવાનોને સદસ્ય બનાવવામાં આવશે ત્યારબાદ તા.૧૪, ૧૫,૧૬ જાહેર સ્થળ જેવા કે મોલ, થિયેટર,જાહેર ચોકમાં નવ યુવાનોનો સંપર્ક કરી પાર્ટીના સદસ્યો બનાવી આવનાર સમયમાં ભારતીય જનતા યુવા મોરચાના કાર્યકર જવાનો છે.

નવા લોગો સાથે શ્રી મારૂતિનું લોજિસ્ટિક ક્ષેત્રે નવા કીર્તિમાનો સ્થાપવાનું લક્ષ્ય

ભારતમાં બે વર્ષમાં ૧૦,૦૦૦ પિન કોડ સુધી પહોંચવાની યોજના : ઈકો-ફ્રેન્ડલી ડિલિવરી સર્વિસના પાયલોટ પ્રોજક્ટની સફળતાથી પ્રેરાઈને વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતના ૨૫ શહેરોમાં ૫૦૦ ઈ-વ્હીકલ્સ ઉમેરવાની યોજના

Shree Maruti

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમદાવાદ, તા.૬

ભારતની અગ્રણી કુરિયર અને લોજિસ્ટિક્સ કંપનીઓમાંની એક શ્રી મારૂતિ કુરિયર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડે પહેલી જુલાઈ, ૨૦૨૨થી એક નવા અધ્યાયનો આરંભ કર્યો છે. અમદાવાદમાં હેડક્વાર્ટર ધરાવતી કંપનીએ તેની ઓળખ સમાન લોગોને અપગ્રેડ કરીને અને તેની વર્તમાન કોર્પોરેટ ઈમેજને સંપૂર્ણપણે બદલવા માટે અનેક ભાવિ યોજનાઓ સાથે નવું વિઝન રજૂ કર્યું છે. આ નવો લોગો અને વિઝન મજબૂત મુલ્યો સાથે એક વૈશ્વિક કંપની બનાવાની મહત્વાકાંક્ષા વ્યકત કરે છે અને ભવિષ્યમાં લોજિસ્ટિકસ ક્ષેત્રે નવા કીર્તિમાનો સ્થાપવા માટે પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ પ્રસંગે શ્રી મારૂતિ કુરિયર સર્વિસીઝ પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અજય મોકરિયાએ જણાવ્યું હતું કે મારૂતિને નવા રૂપ અને નવી ઓળખ સાથે રજૂ કરતાં અમે આનંદની લાગણી વ્યક્ત કરીએ છીએ. ૧૯૮૫માં સ્થાપના બાદ શ્રી મારૂતિએ માર્કેટમાં તેની સ્થિતિ વધુ મજબૂત બનાવવામાં ઝળહળતી સફળતા હાંસલ કરી છે. અહીં સુધી પહોંચવા અમે ઘણી લાંબી સફર ખેડી છે પરંતુ હજુ પણ અમે ઈનોવેશન અને વધુને વધુ સ્માર્ટ તથા ડિજિટલ ટેક્નોલોજીકલ સોલ્યુશન્સ લાવવામાં પ્રતિબદ્ધ રહ્યા છીએ. નવા વિઝન સાથે અમે શ્રેણીબદ્ધ નવી પહેલ આદરી રહ્યા છીએ અને લોજિસ્ટિક ઈન્ડસ્ટ્રીમાં ટોચના સ્થાન પહોંચવા માટે કૃતનિશ્ચયી છીએ.

વર્તમાન કેલેન્ડર વર્ષના અંત સુધીમાં શ્રી મારૂતિ ભારતના ૧૦ મુખ્ય શહેરોમાં ફુલફીલમેન્ટ સેન્ટર્સ/માઈક્રો ફુલફીલમેન્ટ સેન્ટર્સ ઊભા કરશે. આ ફુલફીલમેન્ટ સેન્ટર્સ એક્સક્લુઝિવલી ડીટુસી બિઝનેસ અને ઈમર્જિંગ સ્ટાર્ટ-અપ્સ માટે ઊભા કરવામાં આવશે. ૫,૦૦૦-૫૦,૦૦૦ સ્કવેર ફીટની સાઈઝ સુધીના આવા સેન્ટર્સ માટે અલ્ટ્રા-મોર્ડન મશીનરી અને ઈક્વિપમેન્ટ્સ ખરીદવા આગામી ત્રણ વર્ષમાં મોટાપાયે રોકાણની યોજના છે.

એક ગ્લોબલ કંપની બનવાના લક્ષ્ય સાથે શ્રી મારૂતિ હવે ફિઝિકલ ટુ ડિજિટલ અપ્રોચ, ગ્રાહકોની વધી રહેલી માંગ સંતોષવા, ગ્લોબલ ટ્રેન્ડનું અનુસરણ કરીને તેનો અમલ કરવા, સતત બદલાતી જતી ટેક્નોલોજી સાથે તાલ મિલાવવા અને હાલના મેનપાવરને વધુ સશક્ત બનાવવા પર વધુ ધ્યાન આપી રહી છે. આ સાથે આગામી બે વર્ષમાં ભારતમાં ૧૦,૦૦૦ પિન કોડ સુધી પહોંચવાની પણ યોજના છે.

ગ્રાહકોને ઝડપી, સલામત અને વધુ કાર્યક્ષમ સેવાઓ પહોંચાડવા માટે કંપનીએ મોટાપાયે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન પ્રક્રિયા હાથ થરી છે. પર્યાવરણને અનુકૂળ અને ટેક-એનેબલ્ડ સોલ્યુશન્સના ભાગરૂપે શ્રી મારૂતિએ રિટેલ કસ્ટમર્સને કન્સાઈનમેન્ટ નોટ્સની હાર્ડ કોપીના બદલે ડિજિટલ કોપી આપવાનું શરૂ કર્યું છે. ભારતીય લોજિસ્ટિક્સ ક્ષેત્રે નવા અધ્યાયનો આરંભ કરતાં કંપનીએ ઈ-વ્હીકલ્સ દ્વારા ઈકો-ફ્રેન્ડલી ડિલિવરી સર્વિસની શરૂઆત માટે ભારતના પાંચ શહેરોમાં પાઈલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. આ પાઈલોટ પ્રોજેક્ટને મળેલી સફળતાના પગલે હવે કંપની વર્ષ ૨૦૨૫ સુધીમાં ભારતના ૨૫ શહેરોમાં તેની ફ્લીટમાં ૫૦૦ ઈ-વ્હીકલ્સ ઉમેરવાની યોજના ધરાવે છે.

ઉત્તરાખંડ ખાતે ચારધામ યાત્રાએ જનાર યાત્રાળુઓએ રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૬

ભારત તેમજ વિશ્વમાંથી ઉત્તરાખંડ ખાતે યોજાતી ચારધામ યાત્રા અર્થે શ્રધ્ધાળુઓ આસ્થાથી જતા હોય છે. આ ચારધામ યાત્રાએ જનાર યાત્રાળુઓને કોઇ અગવડ ન સર્જાય તે હેતુસર ઉત્તરાખંડ સરકાર દ્વારા યાત્રાળુઓના રજીસ્ટ્રેશનની વ્યવસ્થા નિયત કરવામાં આવેલ છે. જેના માટે વેબસાઇટ registrationandtouristcare.uk.gov.in/ અને Tourist Care Uttarakhand(Android /IOS) મોબાઇલ એપ્લીકેશન અને ટોલ ફી નંબર. - ૦૧૩૫૧૩૬૪ ઉત્તરાખંડ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલો છે. રાજયમાંથી પણ અસંખ્ય લોકો ચારધામ યાત્રાએ જતા હોય છે. ચારધામ યાત્રાએ જતા તમામ યાત્રાળુઓ ભારત સરકારની ઉકત સુવિધાનો લાભ લઇ શકે તે હેતુસર રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ જ ચારધામ યાત્રાએ નીકળે તે જ હિતાવહ છે. જેથી જિલ્લાની જાહેર જનતાને ચારધામ યાત્રાએ જવા પહેલા ઉપરોક્ત વેબસાઇટ અને મોબાઇલ એપ્લિકેશન ઉપર રજીસ્ટ્રેશન કરાવવા આર.આર. રાવલ, ગુજરાત પવિત્ર યાત્રાધામ બોર્ડ, ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

વિશ્વ હિન્દુ પરિષદ જસદણના સંયોજક તરીકે ભરતભાઈ જાનીની નિમણુંક

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ, તા.૬

ભરતભાઈ જાનીની વિશ્વ હિન્દુ પરિષદ જસદણના સંયોજક તરીકે જિલ્લાના ધર્મેન્દ્રભાઈ રાજાણી અને પ્રફુલભાઈ જાની દ્વારા નિમણૂંક કરવામાં આવી છે. આગામી દિવસોમાં ભરતભાઈ જાની વિશ્વ હિન્દુ પરિષદ અને તેના વિવિધ ઘટકદળોનું જસદણ વિસ્તારનું માળખું તૈયાર કરશે. જસદણ વિસ્તારના અનેક સામાજિક,રાજકીય આગેવાનોએ આ નિમણુંકને આવકારી છે.

મશ્કરીમાં છરી મારવાના ગુન્હામાં પુરાવાનો નાશ કરનાર સ્ત્રી આરોપીને જામીન અરજી રદ્

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૬

શહેરમાં મશકરીમાં યુવકને છરી ઝીંકી મોતને ઘાટ ઉતારવાના સાપરાધ મનુષ્ય વધના મહિલા આરોપીની જામીન અરજી અદાલતે રદ કરતો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ શહેરમાં ભાગોળે આવેલા ખોખરદળ ગામ પાસે હનુમાનજીના મંદિર પાછળ સરદાર આવાસ યોજનાના ક્વાર્ટર પાસે દેવરાજ કિશોરભાઈ પરમારને મશ્કરીમાં શૈલેષ શાંતુભાઇ સોલંકી અને જોસનાબેન અશોકભાઈ પરમારે છરીનો ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો હોવાની

એડવોકેટઃ મુકેશ પીપળીયા

મૃતક દેવરાજ પરમારના ભાઈએ આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આજીડેમ પોલીસે સાપરાધ મનુષ્ય વધનો ગુનો નોંધી શૈલેષ સોલંકી અને જોશનાબેન પરમારની ધરપકડ કરી જલવાલે કર્યા હતા. જેલ હવાલે રહેલા જોશનાબેન પરમારે જામીન મુક્ત થવા સેશન કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની રજૂઆતો બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ મુકેશ પીપળીયાની દલીલોને ગ્રાહ્ય રાખી સેશન્સ જજ જે.ડી. સુથારે આરોપી જોશનાબેન પરમારની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશ પીપળીયા રોકાયા હતા.

મહાનગરપાલિકા દ્વારા વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમ યોજાયો

૬૯ ટીપરવાન તથા વોર્ડ નં.૧૭માં વોર્ડ ઓફિસનું લોકાર્પણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૬

ભારતની આઝાદીના ૭૫ વર્ષ નિમીતે સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષમાં થયેલ વિકાસ કામોની વિગતો લોકો સુધી પહોંચાડવાના પ્રયાસરૂપે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં વંદે ગુજરાત વિકાસ યાત્રા કાર્યક્રમનુ આયોજન કરેલ છે. જેના અનુસંધાને મહાનગરપાલિકા દ્વારા મંગળવારે વંદે ગુજરાત વિકાસ યાત્રાનો શુભારંભ, ૬૯ ટીપરવાન તથા વોર્ડ નં.૧૭માં નિર્માણ પામેલ વોર્ડ ઓફિસનું લોકાર્પણ રાજ્યના પશુપાલન અને ગૌ સંવર્ધન વિભાગના માન.મંત્રીશ્રી દેવાભાઈ માલમના વરદ હસ્તે કરવામાં આવેલ. આ કાર્યક્રમ મેયર ડો.પ્રદિપ ડવના અધ્યક્ષ સ્થાને યોજાયો.

આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ડેપ્યુટી મેયર ડો. દર્શિતાબેન શાહ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા, શહેર ભાજપ મહામંત્રી, કિશોરભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર તેમજ શાસકપક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસકપક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, પૂર્વ ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, બાંધકામ સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, સેનિટેશન કમિટી ચેરમેન અશ્વિનભાઈ પાંભર, જુદી-જુદી સમિતિ ચેરમેનઓ તથા કોર્પોરેટરઓ અને નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વોકહાર્ટ હોસ્પિટલ દ્વારા ડોકટર્સ દિનની ઉત્સાહભેર ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ ૧લી જુલાઈના રાષ્ટ્રીય સ્તરે ઉજવાતા ડોકટર્સ ડેના સંદર્ભમાં એન.એમ.વિરાણી વોકહાર્ટ હોસ્પિટલના તમામ ડોકટર્સોને હોસ્પિટલના સેન્ટર હેડ ડો.જગદિશ ખોયાણીએ શુભેચ્છા પાઠવેલ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વોકહાર્ટ હોસ્પિટલ ખાતે ડોટક્ર્સ ડેની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.જેમાં સૌપ્રથમ તમામ ડોકટરર્સનું સ્વાગત અને અભિવાદન કરવામાં આવેલ હતું. ત્યારબાદ રમત ગમત કાર્યક્રમ અને કેક કટીંગ કરી આ દિનની ઉજણવી કરવામાં આવેલ હતી. આ ડોકટર્સ દિનનુ આયોજન હોસ્પિટલની એચ.આર.ટીમ દ્વારા કરવામાં આવેલ હતું.

વીરપુરને હરિયાળું બનાવવા ગાયત્રી સેવા સમિતિની ઝુંબેશ

૨૦૦૦ વૃક્ષોનું વાવેતર કરાવવા નિઃશુલ્ક રોપા વિતરણ

(કીશન મોરબીયા દ્વારા)
વીરપુર (જલારામ), તા.૬

યાત્રાધામ વીરપુર જલીયાણધામને હરિયાળું બનાવવા માટે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શ્રી ગાયત્રી મુક્તિધામ સેવા સમિતિ ટ્રસ્ટ તેમજ ગાયત્રી મહિલા મંડળ તથા સ્વામિનારાયણ ગુણાતીત વિદ્યાધામ ગુરૂકુળ દ્વારા ગાયત્રી મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ બે હજાર જેટલા વૃક્ષોના રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાયત્રી મુકિતધામ સેવા સમિતિના પ્રમુખ અનિલભાઈ વઘાસીયા દ્વારા આખા વીરપુર ગામમાં જાહેરાત કરીને લોકોને તેમજ ખેડૂતોને વૃક્ષોના રોપાઓ લઈ જઈ પોતાના ખેતરમાં કે ઘર આંગણે વૃક્ષો વાવવા અનુરોધ કરાયો હતો. સાથે ગુરૂકુળના સ્વામી વિશ્વવિહારી દાસજીએ માનવ જીવનમાં વૃક્ષો બહુ ઉપયોગી છે તેના વિશે લોકોને માહિતી આપી હતી. આ વૃક્ષ વિતરણ કાર્યક્રમમાં વીરપુર ગામના સરપંચ રમેશભાઈ સરવૈયા તેમજ જેતપુર તાલુકા પંચાયતના દંડક રાજુભાઇ બારૈયા તથા વીરપુર વેપારી અગ્રણી રમેશભાઈ ગઢિયા સહિત ગાયત્રી મહિલા મંડળની મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વૃક્ષોના રોપાઓ વિતરણ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ગાયત્રી મુક્તિ ધામ સેવા સમિતિના સેવકોએ જહેમત ઉઠાવી હતી.

રાજ્યમાં હજુ ૫૬ લાખ હેક્ટરમાં વાવણી બાકી; ૫૦ ટકા કપાસ, ૩૩ ટકા મગફળીનું વાવેતર કરાયું

ચોમાસાના પ્રથમ માસમાં ગત વર્ષથી ૩૩ ટકા વાવેતર ઓછું સૌરાષ્ટ્રમાં ૨૩ લાખ સહિત રાજ્યમાં ૩૦ લાખ હેક્ટરમાં ખરીફ પાક વાવેતરઃ યાર્ડમાં પ્રતિ મણ કપાસમાં ૩૦૦ સુધી ઘટાડો,મગફળી સ્થિર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૬

રાજ્યના કૃષિવિભાગે જારી કરેલી વિગત અનુસાર સૌરાષ્ટ્રમાં ૨૩ લાખ હેક્ટર સહિત રાજ્યમાં ૩૦ લાખ હેક્ટરથી વધુ જમીનમાં એક માસમાં વાવેતર થયું છે. રાજ્યમાં હજુ ૩૫ ટકા વાવણી થઈ છે અને તેમાં મુખ્યત્વે મગફળી અને કપાસનું અને તે પણ મુખ્યત્વે રાજ્યના ૩૩ પૈકી સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં વાવેતર થયું છે. એકમાત્ર કપાસનું વાવેતર ગત વર્ષના જેટલું થઈ રહ્યું છે જ્યારે મગફળી સહિત અન્ય તમામ પાકોનું વાવેતર ગત વર્ષ કરતા ઓછુ છે. ગત વર્ષે ૪ જૂન સુધીમાં રાજ્યમાં ફૂલ ૪૦.૫૭ લાખ હે.માં વાવેતર થઈ ગયું હતું, વર્ષે તેની સામે ૩૦.૨૦ લાખ હેક્ટરમાં એટલે કે ૧૦.૨૩ લાખ હેક્ટરમાં વાવેતર ઓછુંછે. આમ, મોટાભાગના ખેડૂતો હજુ ઉતાવળ કરવાના મૂડમાં નથી.મગફળીનું વાવેતર પણ ગત વર્ષથી ૩૫-૪૦ ટકા ઓછુ થઈ રહ્યું છે. ફૂલ વાવેતરના ૫૦ટકાથી વધુ, ૧૫.૫૭ લાખ હેક્ટરમાં માત્ર કપાસનું વાવેતર થયું છે. ગત ઉનાળામાં કપાસના ભાવ માર્કેટ યાર્ડમાં ઐતહાસિક ઉંચાઈએ પ્રતિ મણના રૂા.૨૮૦૦ને પાર થયા હતા. જેના પગલે ખેડૂતો કપાસ તરફ વધુ વળ્યાનું જણાય છે. જો કે, હાલ માર્કેટ યાર્ડમાં કપાસના ભાવ બે સપ્તાહથી આંશિક ઘટાડાનું વલણ છે અને ગત ૨૨ જૂન સુધી પ્રતિ મણના રૂમ. ૨૫૦૦ને પાર રહેલા ભાવ ક્રમશઃ ઘટીને આજે રૂમ. ૨૨૧૨ના ભાવે સોદા થયા હતા.

સૌરાષ્ટ્ર પછી ઉત્તર ગુજરાતમાં મગફળીનું ૩ હજાર, કપાસનું ૧.૩૮ લાખ હેક્ટરમાં વાવેતર, અન્ય કઠોળ, ધાન્યમાં હજુ સુસ્તીઃ ગત વર્ષથી ૧૦, ૨૩ લાખ હેક્ટરમાં વાવણી ઓછી થઈ

જ્યારે અત્યાર સુધીમાં ૩૩ ટકા જમીનમાં (૧૦.૧૪ લાખ હે)માં મગફળીનું વાવેતર થયું છે, જે ગત વર્ષે ૧૪.૫૦ લાખ હેક્ટરથી વધુ જમીનમાં થઈ ગયું હતું. માર્કેટ યાર્ડમાં હાલ મગફળીના ભાવ ૧૦૦૦થી ૧૩૦૦ વચ્ચે સ્થિર છે.

અત્યાર સુધીમાં કપાસનું સર્વાધિક વાવેતર સૌરાષ્ટ્રમાં અમરેલીમાં ૨૯,૩૯૦ હૈ., સુરેન્દ્રનગરમાં ૨૧,૩૧૦ હે, માં જ્યારે મગફળીનું સૌથી વધુ જૂનાગઢમાં ૧૭૪૫૦ હૈ,માં અને રાજકોટ જિ.માં ૧૭૧૫૦૪.માં થયુ છે. આ પૈકી અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં સારો વરસાદ થયો છે, રાજકોટ જિલ્લામાં મધ્યમ વરસાદ છે.જ્યારે રાજ્યના અન્ય ભાગમાં ઉત્તર ગુજરાતમાં મગફળીનું ૯૩,૩૦૦ હે. અને કપાસનું ૧.૩૮ લાખ હેક્ટરમાં વાવણી થઈ છે. એકંદરે રાજ્યની ૮૬ લાખ છે.થી વધુ ખેડવાણ જમીનમાં ચોમાસાનો સવા મહિનો વિતી ગયો છે ત્યારે વાવણી ગત વર્ષની સાપેક્ષે ૩૦-૩૫ ટકા ધીમી છે. ડાંગર, બાજરી, જુવાર, મકાઈ, અન્ય ધાન્ય પાકો, મગ,મઠ, અડદ સહિત કઠોળ, તલ, દિવેલા, સોયાબીન સહિત તેલિબિયાના વાવેતરમાં હજુ વેગ આવ્યો નથી.

મારમારી લૂંટ આચરવાના ગુન્હામાં બે આરોપીની જામીન અરજી મંજૂર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

શહેરમાં રાજનગર ચોક નજીક સ્કૂટર ચાલકને આંતરી સ્કૂટર સવાર ત્રિપુટીએ માર મારી રૂ.૫ લાખ ભરેલા સ્કુટરની લૂંટ ચલાવવાના ગુનામાં ઝડપાયેલા બે આરોપીની જામીન અરજી કોર્ટે મંજુર હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ શહેરમાં મવડી મેઈન રોડ ઉપર આવેલા ઉદયનગરમાં રહેતા અને આજીડેમ વિસ્તારમાં આવેલી કંપનીમાં નોકરી કરતા વિશાલ અનિલભાઈ ઘોરેચા નામનો યુવાન ગોંડલ ઉપર આવેલ એન.આર. આંગડિયા પેઢીમાંથી કંપનીના રૂ.૫ લાખ લઈ પોતાના સ્કુટરની ડેકીમાં રાખી કંપનીમાં જઈ રહ્યો હતો. ત્યારે રાજનગર ચોક નજીક પહોંચ્યો હતો. ત્યારે સ્કુટરમાં ધસી આવેલા ત્રણ શખ્સોએ વિશાલ ઘોરેચાના સ્કુટરને આંતરી માર મારી રૂ.૫ લાખ રાખેલા સ્કુટરની લૂંટ ચલાવી નાસી ગયા હતા. આ અંગે માલવીયાનગર પોલીસ મથકમાં વિશાલ ઘોરેચાએ રોકડ અને સ્કૂટર મળી રૂ.૫.૩૦ લાખના મુદામાલની લૂંટ ચલાવ્યાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જેલ હવાલે રહેલા આરોપી મહેન્દ્ર ઉર્ફે લાલો દિલુભાઈ ગીડા અને ચિરાગ સંજયભાઈ જાદવે જામીન મુક્ત થવા પોતાના એડવોકેટ મારફતે કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા એડિશનલ સેશન્સ જજ બી.ડી.પટેલે બંને પક્ષની રજૂઆતો બાદ આરોપીના એડવોકેટની દલીલોને ધ્યાને લઇ આરોપી મહેન્દ્ર ઉર્ફે લાલો ગીડા અને ચિરાગ જાદવની જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં બંને આરોપી વતી એડવોકેટ બલરામ એસ. પંડિત, મોતીભાઈ એન. સિંધવ, ધરાબેન એસ. પંડિત અને રિદ્ધિબેન જે. દીક્ષિત રોકાયા હતા.

ચોરીના ગુન્હામાં આરોપીની જામીન મુકત કરતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

શિવમ પાર્ક, શેરી નં.૬, રેલનગર, ખાતે રહશેતા ફરિયાદી હિતેષભાઇ મનસુખભાઇ ચૌહાણના ઘરે આરોપી દ્વારા ગેરકાયદેસર અપગૃહ પ્રવેશ કરી ફરિયાદીના ઘરે ચાના વેપારના ચુકવણા માટે રાખેલા રૂ.૨,૨૦,૦૦૦ ચોરી કરેલ હોય જે સબંધે ફરિયાદીએ તા.૨૦/૦૬/૨૦૨૨ના રોજ પ્રધ્યુમનનગર પો.સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તપાસના આધારે આરોપી યોગીરાજસિંહ જાડેજાની અટકાયત કરેલ અને નીચેની અદાતલમાં રીમાન્ડ સાથે રજુ કરેલ. ત્યારબાદ બંને પક્ષની દલીલ સાંભળી નીચેની અદાલત દ્વારા આરોપીના રીમાન્ડ નામંજુર કરેલ અને આરોપીને જેલ હવાલે કરેલ. ત્યારબાદ આરોપીના વકીલ દ્વારા સેસન્સ અદાલતમાં જામીન અરજી દાખલ કરવામાં આવેલ જેમાં થયેલ દલીલો તથા વડી અદાલતોના ચુકાદાઓને ધ્યાનમાં રાખી સેશન્સ કોર્ટે આરોપીને જામીન પર મુકત કરવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી વતી ધારાશાસ્ત્રી શૈલેષગીરી કે. ગોસ્વામી, ગીરીશપુરી એન. ગોસ્વામી, જીનીયશકુમાર જે. સુવેરા, જીતેન એ. ઠાકર, જયપાલસિંહ એમ. જાડેજા તથા રચિત એમ. અત્રી રોકાયેલા હતા.

રૂા.૪૦ લાખનો ચેક રીર્ટન થતા મુંબઈના મીત્ર સામે ફરિયાદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

આ કેસની વિગત એવી છે. કે, રાજકોટના મવડી કણકોટ રોડ ઉપર આવેલ શ્યામલ ઉપવન એપાર્ટમેન્ટમાં રહેતા છગનભાઈ મોહનભાઈ ગમઢાએ દોઢ વર્ષ પહેલા તેમના મીત્ર અને ઓળખીતા અને મુંબઈ મુકામે રહેતા હિતેશ ગીરીશભાઈ બંગાળી (રહે ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ વાળા)ને મિત્રતા અને ઓળખાણના નાતે ઉછીના પેટે રોકડા રૂપિયા ચાલીસ લાખ મદદ માટે આપેલા હતા.

જે રકમ છગનભાઈ ગમઢાએ પરત માંગતા હિતેશ ગીરીશભાઈ બંગાળીએ ચેક આપેલ હતો. જે ચેક ડીપોઝીટ કરતા અપુરતા ભંડોળને કારણે બિન ચિકતે પરત ફરતા ફરિયાદીએ તેમના વકીલ મારફત ધી નેગોશીયેબલ ઈન્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ રાજકોટની સ્પેશિયલ નેગોશીયેબલ કોર્ટમાં મુંબઈના આરોપી સામે કેસ દાખલ કરતા આરોપી હિતેશ ગીરીશભાઈ બંગાળીને સમન્સ ઈસ્યુ કરી કોર્ટમાં હાજર થવા હુકમ કરેલ છે. આ કેસમાં ફરિયાદી તરફે એડવોકેટ અતુલ ફળદુ રોકાયેલ છે.

OM CATRERS
Best Food For All Occassion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

ગુજરાત સાહિત્ય અકાદમી સહિતની સંસ્થાઓ દ્વારા આયોજન

અમદાવાદમાં ૯મીએ ચારણી સાહિત્ય વિશે પરિસંવાદ

ચારણી સાહિત્યનાં સંશોધન અને સંવર્ધન અર્થે અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં થશે રાષ્ટ્રીય સંગોષ્ઠી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

ચારણી સાહિત્યનાં સંશોધન અને સંવર્ધન અર્થે ગુજરાત સાહિત્ય અકાદમી- અમદાવાદ, ચરજ નેટવર્ક પ્રકાશન, ભાવિ ચારણ એજ્યુકેશન ટ્રસ્ટ- અમદાવાદ અને સંત ઇશરદાસનું એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ- જામનગરનાં સંયુકત ઉપક્રમે તા.૯મીએ અમદાવાદ ખાતે 'ચારણી સાહિત્યઃ સંશોધન- સંપાદન વિમર્શ' વિષયક એક દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ ખાતે સેટેલાઈટ રોડ પર રામદેવનગર બસ સ્ટોપની સામે આવેલા મદનમોહન હોલ ખાતે તા.૯મીએ યોજાનાર ચારણી સાહિત્યનાં પરિસંવાદમાં સવારે ૯:૩૦ થી ૧૧ વાગ્યા સુધી પ્રથમ બેઠકમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પદ્મશ્રી ડો.વિષ્ણુ પંડ્યા, પી.કે. લહેરી, પદ્મશ્રી ડો.ચંદ્રપ્રકાશ દેવલ, ડો.જયેન્દ્રસિંહ જાદવ, ખોડીયાર ચરિત્રનાં લેખક મંગળસિંહ સરવૈયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહીને દિપ પ્રાગટ્ય બાદ પ્રાસંગિક વક્તવ્ય આપશે. ચરજ નેટવર્કનાં સંપાદક દિનેશભાઈ માવળ દ્વારા સ્વાગત પ્રવચન અને ખોડીયાર ચરિત્ર પુસ્તકનું મહાનુભાવોનાં હસ્તે વિમોચન થયા બાદ પુસ્તક પરિચય અપાશે. સભા સંચાલન ડો.તીર્થંકર રોહડિયા કરશે. ચારણ સાહિત્ય વિમર્શની દ્વિતીય બેઠક સવારે ૧૧:૧૫ થી બપોરે ૧:૩૦ વાગ્યા સુધી યોજાશે. જેમાં પદ્મશ્રી ડો.ચંદ્રપ્રકાશ દેવલ દ્વારા ભક્તિમૂલક ચારણી સાહિત્ય, ડો.બળવંત જાની દ્વારા ઈતિહાસમૂલક ચારણી સાહિત્ય, ડો. અંબાદાન રોહડિયા દ્વારા મૂલ્યાંકન શ્રી ચારણી સાહિત્ય અને આનંદ મહેડુ દ્વારા ચારણી સાહિત્યનાં વિષમ વૈવિધ્ય અંગે વક્તવ્ય આપવામાં આવશે.

ચારણી સાહિત્યનાં પરિસંવાદને સફળ બનાવવા ડો.જયેન્દ્રસિંહ જાદવ, વિજય સિંઢાયચ, દિનેશ માવળ, રણજીત ગઢવી, શૈલેષ ગઢવી વગેરેની આગેવાનીમાં કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનના ઉપક્રમે

દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય નિઃશુલ્ક જયપુર ફૂટ કેમ્પ યોજાયો

૧૦૮ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે તા.૧ થી ૩ સુધી આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૧૦૮ દર્દીએ લાભ લીધેલ જેમાં કેલીપર્સના દર્દી-૪૬ અને લેગ (પગ)ના ૪૪, રીપેરીંગ ૧૮ દર્દીઓએ વિના મૂલ્યે લાભ લીધેલ. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવેલ છે.

સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણીનો સહયોગ મળેલ છે. આ કેમ્પને સફળ બનાવવા માટે કમાણી ફાઉન્ડેશનના મનીષભાઈ મારું કિશોરભાઈ પરમાર, જે કે સરાઠે, પ્રફૂલભાઈ મીરાણી, તેમજ સરગમ કલબના કમિટી મેમ્બર, તેમજ સરગમ લેડીઝ - કમિટી મેમ્બરો સહિતનાઓએ વગેરેએ જહેમત ઉઠાવી હતી. આ કેમ્પમાં રાજસ્થાનના ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર, રામપ્રસાદ મેઘવાલ વગેરે સેવા આપેલ. તદ્પરાંત આગામી કેમ્પ તા.૧/૦૮/૨૨ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે. તેમ જણાવ્યું છે.(૧૩)

ભીલડીયાજી ખાતે બે દિવસીય આયોજન

સમસ્ત મહાજનના કાર્યકર્તાઓ માટે ચિંતન શિબિર

શિબિરમાં ધારાસભ્યો તેમજ જીવદયા શ્રેષ્ઠીઓની ખાસ ઉપસ્થિતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

જીવદયાની ઉત્કૃષ્ટ ભાવના અને જીવ માત્રને જીવાડવાની અંતરની મહેચ્છાઓ સાથે ભારતમાં લાખો અબોલ જીવોનું જીવનપર્યંત જતન થાય છે. આર્થિક વ્યવસ્થાઓ, ઘાસચારાની ઉપલબ્ધતા, જમીન અંગેના કાયદાઓ વિગેરે અઢળક પ્રશ્નોનો સામનો કરવાનો હોય છે.

આ પ્રશ્નો અંગેની વિષદ છણાવટ પૂર્વક ચર્ચા કરી નિર્ણયાત્મક ભૂમિકા ઉપર આવવા માટે તેમજ સ્વાવલંબન તરફ, પર્યાવરણ રક્ષા તરફ વળવા સમસ્ત મહાજનના તમામ જીવદયા પ્રેમી કાર્યકર્તાઓ બે દિવસ ભેગા રહે. એકબીજાનો સહકાર મળે તે માટે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી, એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર ગિરીશભાઈ શાહ અને સાથી ટીમના માર્ગદર્શનમાં સમસ્ત મહાજન દ્વારા જીવદયા પ્રેમી કાર્યકર્તાઓ માટે બે દિવસીય, નિવાસી, પ્રવાસી, ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં ગુજરાતના પ્રધાનો, ધારાસભ્યઓ, જીવદયા શ્રેષ્ઠીઓ ખાસ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે. ભીલડીયાજી ચિંતન શિબિર દરમ્યાન પ્રથમ દિવસે નેસડા ગામમાં બનેલ ગૌચર, તળાવ, ૧૬૦૦ વૃક્ષોના વાવેતરનું નિરીક્ષણ કરવામાં આવશે. સમસ્ત મહાજનની જીવદયા કાર્યકર્તાઓની આ ચિંતન શિબીરની વિશેષ જાણકારી તથા રજીસ્ટ્રેશન માટે ગિરીશ શાહ (મો. ૯૮૨૦૦ ૨૦૯૭૬) અને મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯)નો સંપર્ક કરવા સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી, ગિરિશભાઈ શાહની યાદીમાં જણાવાયું છે.(૧૩)

થાણાપીપળીમાં ૧ કલાકમાં ૬ ઈંચ

(એજન્સી સમાચાર)

જૂનાગઢ, તા.૬

વંથલીના થાણાપીપળી ગામે ૧ કલાકમાં ૬ ઈંચ જેટલો વરસાદ ખાબકતા જળ બંબાકાર થઇ ગયું હતું. બપોરના ૧૨ થી ૧ કલાક વચ્ચે વરસાદ પડતા વોંકળા અને ખેતરના પાણી ગામમાં ફળી વળ્યાં હતાં. સમગ્ર ગામમાં ગોઠણ ડૂબ પાણી ભરાઇ જતા ગામની મેઇન બજારમાં દીવાલ ધસી પડી હતી. સદનસીબે જાનહાની ટળી હતી.

રાજકોટ માહિતી કચેરીમાં સંદીપ કાનાણી સિનિયર સબ એડિટર તરીકે નિયુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

રાજકોટની પ્રાદેશિક માહિતી કચેરી ખાતે સંદીપ કાનાણી સિનિયર સબ એડિટર તરીકે નિયુક્તિ પામ્યા છે અને તેમણે ચાર્જ સંભાળ્યો છે. સંદીપ કાનાણી પત્રકારત્વ ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી ધરાવે છે. અગાઉ તેઓ ગુજરાતના મુખ્ય સમાચાર પત્રોમાં વિવિધ હોદ્દા પર કુશળતાપૂર્વક કામ કરી ચૂક્યા છે. તેઓ ગાંધીનગર ખાતે આવેલી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં મીડિયા મેનેજરના હોદ્દા પર રહી ચૂક્યા છે.

જ્યાં તેમણે ટૂંકા ગાળામાં માતબર કામગીરી કરીને સૌની ચાહના મેળવી હતી. લેખન, વાચન અને સાહિત્યમાં રૂચિ ધરાવતા સંદીપ કાનાણીની રાજકોટ માહિતી કચેરીમાં નિયુક્તિ થવા બદલ અભિનંદનની વર્ષાઓ થઇ રહી છે.(૧૩)

VEEADEE FILMS
રાજકોટમાં
વિડિયો એડ, કૉર્પોરેટ ફિલ્મ
અને પ્રમોશનલ વિડિયો
બનાવવા માટે કોલ કરો
95123 30013
VEEADEE
VeeDee Films Pvt. Ltd.
www.veedeefilms.com
Behind Big Bazar, Near Maruti Nagar Chowk, Rajkot - 360005

FILM
PRODUCTION
HOUSE
Films
Advertisement
Documentaries

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
RECRUITMENT
DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing
EXPERIENCE
Experienced / Freshers
WORKING HOURS
8 Am To 6 Pm
WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm
ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062
MALE AND FEMALE BOTH CAN APPLY

બનો જ્ઞાન ગુરુ અને
જીતો કરોડોના ઈનામો

ભાગ લેવા માટે
થઈ જાઓ તૈયાર

રાજકોટમાં અનોખી ઠગાઇઃ સિંગતેલના ૩૪ ડબ્બા લઇ ગઠીયો ગુમ

૩૬ ડબ્બા મોરબી રોડ બાયપાસ પર મંગાવી ૩૪ ડબ્બા છકડામાં રવાના કર્યા, બે ડબ્બા ઘરે લઈ જવાના છે તેમ કહી ઓઈલ મિલર અને તેના કર્મચારીને પાછળ પાછળ આવવા કહી રિક્ષા એક ગેઇટમાં ઉભી રખાવી પોતે બીજા ગેઇટમાંથી આવે છે તેમ કહી કાર લઇ ભાગી ગયોઃ કાર નંબરને આધારે તપાસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ તા. ૬:

રાજકોટમાં રહેતાં અને ટંકારાના હરિપર ભૂતકોટડા ગામે સિંગતેલની મીની ઓઇલ મીલ ચલાવતાં પટેલ યુવાન સાથે એક ભેજાબાજે નવીનત્તમ ઠગાઇ કરી છે. આ ઓઇલમીલરના મોટા ભાઇને ફોન કરી તેલના ડબ્બાનો ઓર્ડર આપી ૩૬ ડબ્બા તેલ રાજકોટ માધાપર ચોકડીથી આગળ મોરબી રોડ બાયપાસ પર મારૂતિ સુઝુકીના વર્કશોપ પાસે મંગાવી ત્યાંથી ૩૪ ડબ્બા છકડોમાં ભરાવી રવાના કરી દઇ બાદમાં બે ડબ્બા પોતાની ઘરે લઇ જવાના છે તેમ કહી ઓઇલ મીલર યુવાન અને તેના કર્મચારીને પાછળ પાછળ રીક્ષામાં આવવાનું કહી રીક્ષાને એક સોસાયટીના ગેઇટમાં વળાવી પોતે બીજા રસ્તેથી આવે છે તેમ કહી કારમાં છનનન થઇ જતાં રૂા. ૯૪૮૭૦નું તેલ ઠગાઇથી લઇ જવાનો ગુનો નોંધાયો છે. ગઠીયાના કાર નંબરને આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે મૂળ ટંકારાના હરિપર ભુતકોટડાના વતની અને હાલ મોરબી રોડ જકાતનાકા પાસે સત્નામ પાર્ક શેરી નં. ૩માં રહેતાં અને હરિપર ભુતકોટડા ગામે જાનકી નામે સિંગતેલની મીની ઓઇલ મીલ ચલાવતાં રોહિત જાદવજીભાઇ ભાગીયા (પટેલ) (ઉ.૪૦)ની ફરિયાદ પરથી જીજે૦૩એમબી-૭૨૮૩ નંબરની સફેદ સાન્ટ્રો કારમાં આવેલા સંજય પટેલ વિરૂધ્ધ ઠગાઇ કરવાનો ગુનો નોંધ્યો છે. રોહિત પટેલે પોલીસને જણાવ્યું છે કે મારા મોટા ભાઇએ ફોન કરીને કહેલું કે સિંગતેલના ૩૬ ડબ્બાનો ઓર્ડર છે અને રાજકોટ ખાતે મોરબી બાયપાસ રોડ પર મારૂતિ સુઝુકીના વર્કશોપ ખાતે પહોંચાડવાના છે. એ પછી એકાદ વાગ્યે સાર્દુરભાઇનો મને ફોન આવેલો કે ૩૬ તેલના ડબ્બા ટેમ્પોમાં ભરીને નીકળ્યો છું. બપોરના અઢી આસપાસ મારૂતિના વર્કશોપ સામે પહોંચી જઇશ. તમે પણ પહોચી જજો તેમ કહ્યું હતું.

ત્યારબાદ ત્રણેક વાગ્યે નક્કી થયેલા વર્કશોપ સામે પહોંચ્યો હતો. ત્યાં અમારો માણસ સાર્દુરભાઇ પણ તેલના ડબ્બા સાથે ઉભો હતો અને આ માલ મંગાવનાર વ્યક્તિ પણ હાજર હતી. તેણે પોતાનું નામ સંજય પટેલ કહ્યું હતું. તે સફેદ રંગની સાન્ટ્રો કાર જીજે૦૩એમબી-૭૨૮૩ લઇને આવેલ. તેણે તેલના ડબ્બા પોતે મંગાવેલી છકડો રીક્ષામાં ભરાવી લીધા હતાં. આ રીક્ષા સાધુ વાસવાણી રોડ પર પહોંચાડવા સંજય પટેલે કહેતાં રીક્ષાચાલક તેલના ૩૪ ડબ્બા સાથે રવાના થઇ ગયો હતો. બે ડબ્બા સંજય પટેલે પોતાની ઘરે લઇ જવાના છે તેમ કહી રોડ પર ખાલી રીક્ષા રોકાવી હતી અને તેમાં આ ડબ્બા મુકાવ્યા હતાં. એ પછી અમને કહેલું કે તમે આ રીક્ષામાં બેસીને ડબ્બા લઇને મારી પાછળ પાછળ આવો, મારું ઘર નજીક જ છે. ઘરે પહોંચીને તમને પેમેન્ટ આપી દઉં. તેણે કાર ચલાવી હતી અને હું તથા મારો માણસ સાર્દુરભાઇ તેની પાછળ પાછળ રવાના થયા હતાં.

કાર મારૂતિના વર્કશોપથી રેલનગર પાણીના ટાંકા તરફ આગળ વધી હતી અને અમે તેની પાછળ હતાં. ત્યાં સંજય પટેલે એક નાના ગેઇટ પાસે ગાડી ઉભી રાખી હતી અને કહેલું કે આની અંદર મારું ઘર છે તમે અહિથી રીક્ષા લઇને અંદર જાવ હું બીજા ગેઇટમાંથી કાર લઇને આવું છું. તેમ કહેતાં અમે રીક્ષા લઇને અંદર ગયા હતાં. પરંતુ પંદરેક મિનિટ રાહ જોવા છતાં સંજય પોતાની ગાડી લઇને ન આવતાં તેના મોબાઇલ નંબર પર ફોન કરતાં તેણે કહેલું કે-હું પણ તમને ગોતુ છું, તમારી પાસે આવુ જ છું તેમ વાત કરી હતી. ત્યારબાદ પંદર મિનિટ પછી ફરી ફોન કરતાં તેનો ફોન સ્વીચઓફ થઇ ગયો હતો. એ પછી મેં મારા ભાઇ ચંદ્રકાંતભાઇને વાત કરી હતી. અમે જે ગેઇટમાં હતાં ત્યાં તથા આજુબાજુની સોસાયટીઓમાં તપાસ કરી હતી. પરંતુ સંજય પટેલ નામની કોઇ વ્યક્તિ મળી નહોતી. તે ઠગાઇ કરી ૯૪૮૭૦ના સિંગતેલના ૩૪ ડબ્બા લઇ નાસી ગયો હતો. હેડકોન્સ. આર. ટી. વાસદેવાણીએ ગુનો નોંધી પીઆઇ જી. એમ. હડીયાની રાહબરીમાં તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્રમાં ભારે વરસાદથી ૬૩ ગામડાઓમાં અંધારપટ

૧૩૭ વીજપોલ ધરાશાહી, વીજ તંત્ર ઉંધા માથે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

સૌરાષ્ટ્રમાં ધીમે ધીમે વરસાદી માહોલ બંધાઈ રહ્યો છે ત્યારે પીજીવીસીએલ તંત્ર પણ સતત ખડેપગે રહી કામગીરી કરી રહ્યું છે દરમ્યાન સૌરાષ્ટ્રમાં ૨૫૧ ફીડર બંધ થયાની અને ૧૩૭ વીજપોલ તૂટી જતા ૬૩ ગામડઓમાં અંધારપટ સર્જાયો હતો.

પીજીવીસીએલ કોર્પોરેટ ઓફિસિની યાદીમાં જણાવ્યા પ્રમાણે રાજોટ ગ્રામ્યના ૧ ફીડર બંધ થયાની અને ૩ વીજપોલ તૂટી ગયાની, પોરબંદરમાં ૫ ફીડર બંધ થયાની અને ૧ ગામમાં વીજળી ગુલ થયાની, જૂનાગઢમાં ૨૨ ફીડર બંધ થયાની અને ૨૧ વીજપોલ તૂટી જતા ૧ ગામમાં વીજ પુરવો ખોરવાયો હોવાની, જામનગરમાં ૧૨૦ ફીડર બંધ થયાની અને ૨૧ પોલ તૂટી જતા ૧૭ ગામડા ઓમાં વીજ પુરવઠે ખોરવાયો હોવાની, ભુજમાં ૬૩ ફીડર બંધ થયાની, ૧ વીજપોલ તૂટી ગયાની અને ૪૪ ગામોમાં અંધારપટ સર્જાયાની, અંજારમાં ૫ ફીડર બંધ થતા ૧૪ વીજપોલ તૂટી ગયાની, ભાવનગરમાં ૨૦ ફીડર બંધ થયાની અને ૩૭ વીજપોલ તૂટી ગયાની, બોટાદમાં ૭ ફીડર, અમરેલીમાં ૧ ફીડર બંધ થયાની અને ૧૮ વીજપોલ તૂટી ગયાની તેમજ સુરેન્દ્રનગરમાં ૭ ફીડર બંધ થયાની અને ૬ વીજપોલ તૂટી ગયાની ફરિયાદે નોંધાઈ છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર એલર્ટ

લીલા શાકભાજીના ભાવો આસમાનેઃ ગૃહિણીઓમાં દેકારો

વરસાદી વાતાવરણને કારણે આવકો ઓછી થતા ભાવોમાં વધારો

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ, તા.૬

સૌરાષ્ટ્રમાં વરસાદી વાતાવરણને પગલે લીલા શાકભાજીની આવકો ઘટતા રીંગણા સિવાયના તમામ લીલા શાકભાજીના ભાવો આસમાને પહોંચતા અને રસોડાનું બજેટ ખોરવાઇ જતા ગૃહિણીઓમાં દેકારો બોલી ગયો છે.

વરસાદી વાતાવરણને કારણે લીલા શાકભાજીની આવકો ઘટતા ભાવોમાં ભારે ઉછાળો થયો છે. રીંગણા સિવાય તમામ લીલા શાકભાજી છુટક બજારમાં ૮૦ થી ૧૦૦ રૂપિયા વેચાય છે. રાજકોટ આસપાસના ગામોમાંથી વરસાદી વાતાવરણ છતા નવા લીલા શાકભાજીની આવકોની શરૂઆત થઇ છે. ૧૫ દિ પછી નવા શાકભાજીની આવકો વધતા લીલા શાકભાજીના ભાવો ઘટશે તેમ વેપારી સૂત્રોએ જણાવ્યું હતું.

રાજકોટ યાર્ડમાં આજે હોલસેલમાં રીંગણા એક કિલોનો ભાવ રૂ.૫ થી ૧૦, કોબીજના રૂ.૧૧ થી ૨૦, ફલાવરના રૂ.૧૫ થી ૨૦, ભીંડો રૂ.૩૦ થી ૫૦, ગુવાર રૂ.૪૫ થી ૫૦, ચોળા રૂ.૪૦ થી ૫૦, કારેલા રૂ.૨૬ થી ૩૨, ટમેટા રૂ.૩૦ થી ૩૫ અને લીંબુ રૂ.૫ થી ૩૦ના ભાવે સોદા પડયા હતા. જો કે આ શાકભાજી છુટક બજારમાં પહોંચતા ડબલ ભાવ થઇ જાય છે. છુટક બજારમાં તમામ શાકભાજી રૂ.૮૦ થી ૧૦૦ના કિલોએ વેચાય છે. પખવાડીયા પછી નવા શાકભાજીની આવકો પુરજોશમાં શરૂ થયે ભાવો ઘટે તેવી શકયતા છે.

રાજકોટમાં ચોમાસાની જમાવટ સાથે જ મચ્છર અને પાણી પ્રેરિત રોગચાળાનો ઉછાળો

(તસવીરઃ દિલીપ ગોહેલ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ રાજકોટ શહેરમાં ચોમાસું હવે ધીમે- ધીમે જમાવટ કરી રહ્યું છે. અષાઢની રંગત જામતી જાય છે. ગઈકાલે મંગળવારે ભારે વરસાદને પગલે શહેરભરનાં રાજમાર્ગો, શેરીઓ, મેદાનો અને લતાઓમાં પાણી ભરાઈ ગયા છે. મેઘરાજાનાં આગમનની સાથે-સાથે જાતજાતનાં રોગો પણ વધવા લાગ્યો છે. પરિણામે હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. સીઝનનાં પહેલા જ જોરદાર વરસાદને પગલે મહાનગર રાજકોટને રોગચાળાએ અજગર ભરડો લઇ લીધો છે. મચ્છરો અને પાણીજન્ય જીવાતોનો ઉપદ્રવ વધી જતા શરદી, તાવ, ઉધરસ જેવો રોગચાળો રોકેટ ગતિએ વધી રહ્યો છે. અહીં પ્રસ્તુત તસ્વીર સિવિલ હોસ્પિટલની છે. અહીં દર્દીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. ઓપીડીમાં છેલ્લા બે દિવસથી સેંકડો દર્દીઓની કતારો જામેલી જોવા મળી રહી છે. પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાથી તાવ, શરીરમાં કળતર, માથાનો દુઃખાવો, શરદી અને ઉધરસની બિમારીએ જોર પકડી લેતા સિવિલ અને ખાનગી દવાખાનાઓમાં પણ દર્દીઓ દવા લેવા માટે ઉભરાઈ રહેલા દેખાય છે.(૨.૧૨)

ગુજરાત સરકારની આજે બપોરે ખાસ બેઠક

રાજ્યભરમાં ભારે વરસાદ શરૂ થતા તૈયારીઓની સમીક્ષા

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં અધ્યક્ષ સ્થાને રાહત અને બચાવનું આયોજન થશે

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૬

ગુજરાતમાં બે દિવસથી મેઘરાજાએ દે ધનાધન કર્યું હોવાથી અને ચારેતરફ જોરદાર વરસાદ પડી રહ્યો હોવાથી ગુજરાત સરકાર સાવધ થઇ ગઈ છે. ગાંધીનગર ખાતે આજે બપોર ૩:૩૦ કલાકે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં અધ્યક્ષ સ્થાને કેબિનેટની ખાસ બેઠક મળી રહી છે. જેમાં રાજ્યની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવશે.

બેઠકમાં તમામ મંત્રીઓ ઉપરાંત મહેસુલ અને પોલીસ વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ તેમજ એનડીઆરએફ અને એસડીઆરએફનાં ઉચ્ચ અધિકારીઓ પણ હાજરી આપનાર છે. મુખ્યમંત્રી રાજ્યમાં ક્યાં કેટલો વરસાદ થયો? કેટલું નુકશાન થયું તેની તમામ વિગતો જાણીને જે તે વિભાગોને અગમચેતીનાં અને બચાવનાં પગલા લેવા સુચના આપશે. તમામ જિલ્લા કલેકટરોને સાવધ રહેવા માટે તાકીદ કરવામાં આવી છે. જ્યાં લોકો પાણીમાં ફસાયા હોય એમનું તુરંત સ્થળાંતર કરવા એનડીઆરએફની ટીમો મોકલવામાં આવી છે. મુખ્યમંત્રીએ તમામ તૈયારીઓ સાથે સતર્ક રહેવા આદેશ આપ્યો છે.(૨.૧૨)

રાધેકૃષ્ણ સોસાયટીના મકાનો ખાલી કરાવવા બનેલ ખુનના ગુન્હામાં સ્પે. પી.પી. નિમાતા એસ. કે. વોરા

૨૫માંથી ૧૭ મકાનો ખાલી થયા બાદ બનેલ ખુનના ગુન્હામાં સી.આઈ.ડી. ક્રાઈમને તપાસ સોપાતા ચાર્જશીટ બાદની નિમણુંક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૬

રાજકોટ શહેરમાં રાધેષ્ણ સોસાયટીના નામે ઉભી થયેલ વસાહતમાં ૫૦૦ ચો.વા. જમીન ઉપરના મકાનો ખાલી કરાવી જમીન હડપ કરવાના કિસ્સામાં ગુજરાત સરકારના કાયદા વિભાગે આરોપીઓ સામે કેસ ચલાવવા માટે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરાને સ્પે.પી.પી. નિમી સરકાર તરફે અસરકારક રજૂઆત કરવા માટે સુચના આપેલ છે.

આ કેસની હકિકત મુજબ ગાંધીગ્રામ-૨ યુનિ. પોલીસ સ્ટેશનની હદમાં આવેલ રાધેકૃષ્ણ સોસાયટીના ૨૫ મકાનો ખાલી કરાવી જમીનો હસ્તગત કરવા માટે મયુરસિંહ જાડેજા, અમિત ભાણવડીયા અને ભરત ઉર્ફે ભુરો સોસાએ કાવતરૂ રચી પોતાના માણસોને સોસાયટીના રસ્તાઓ અને ખુલ્લી જમીનો ઉપર તોકાનો કરવાની સુચના આપેલ હતી. આ સુચના મુજબ આરોપીઓ વિજય રાઠોડ, પરેશ ચૌહાણ, હિરેન વાઢર વિગેરેએ સોસાયટીમા મધરાતે તોફાનો કરી તથા રહીશોની ગાડીઓ ઉપર પથ્થર મારી તેમજ રહીશોના ઘરઆગણે મોટે મોટેથી બુમો પાડીને અને અપશબ્દો બોલીને સોસાયટીમા ત્રાસ ફેલાવેલ હતો. કેસ મુજબ આવા ત્રાસના કારણે સોસાયટીના ૧૭ રહીશોએ પોતાના મકાનો ખાલી કરી જતા રહેલા હતા. અન્ય લોકો આવા તોફાની અસામાજીક તત્વોના કૃત્યોને વશ થવાના બદલે લડત આપતા હતા.

આ દરમ્યાન સોસાયટીના રહીશ અવિનાશભાઈ કુરજીભાઈ કુલેશીયાએ પોતાના ઘર સામે થતા તોફાનો અંગે વિરોધ કરતા ઉપરોકત તોફાની તત્વોએ તેઓ સામે પથ્થરમારો કરેલ જે દરમ્યાન અવિનાશભાઈને માથાના ભાગે ઈંટ લાગતા ગભીર ઈજા થયેલ. આથી આ ઈસમો વિરૂધ્ધ મૃત્યુ નિપજાવવાના પ્રયાસનો ગુન્હો નોંધવામાં આવેલ હતો. સારવાર દરમ્યાન ઇજા પામનાર અવિનાશભાઈનું અવસાન થતા આરોપીઓ વિરૂધ્ધ ખુનના ગુન્હાની કલમનો ઉમેરો કરવામા આવેલ હતો. ગુન્હાની ગંભીરતાને ધ્યાનમા લઈ સરકારે આ ગુન્હાની તપાસ સી.આઈ.ડી. ક્રાઈમ, ગાંધીનગરને સોપતા સી.આઈ.ડી. ક્રાઈમ પોલીસે તપાસના અને ભરત ઉર્ફે ભુરો સોસા સિવાયના આરોપીઓ

(અનુ.પાના નં.૪ ઉપર)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રદ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઈઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.